સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વા. મંદિર - સરધારનું મુખપત્ર

# શ્રી સ્વામિનારાયણ ચિંતન

માર્ચ - ૨૦૧૧
બે વર્ષ લવાજમ રૂા.૧૬૦/-



## અમદાવાદ દર્શન વિશેષાંક

'નરનારાયણ સુખરાશી રે, પધરાવી કરાવી ચોરાશી રે; જે જે દર્શન કરશે એના રે, મોટા ભાગ્ય માનવા જો તેના રે.'

સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ દ્વારા ભક્તજનોના સર્વે મનોરથો પૂર્ણ કરવા 'યાવત્ ચંદ્રદિવાકરૌ' સ્થાપિત વિશ્વનું સૌપ્રથમ મંદિર : અમદાવાદધામ





વડતાલ પ્રદેશના **કાલોલ** (જી. પંચમહાલ)ને આંગણે નૂતન શ્રી સ્વા. મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા કરતા **પ.પૂ. લાલજી મહારાજશ્રી.** (તા. ૨૪-૨-૧૧)

વડતાલ પ્રદેશના **માંડવી** (જી. સુરત)ને આંગણે નૂતન શ્રી સ્વા. મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા કરતા **પ.પૂ. લાલજી મહારાજશ્રી.** (તા. ૨૪-૨-૧૧)





જૂનાગઢ પ્રદેશના **બાદલપુર** (જી. અમરેલી)ને આંગણે નૂતન શ્રી સ્વા. મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા કરતા **પ.પૂ. લાલજી મહારાજશ્રી.** (તા. ૨-૩-૧૧)

વડતાલ પ્રદેશના **સોજીત્રા** (જી. આણંદ)ને આંગણે નૂતન શ્રી સ્વા. મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા કરતા **પ.પૂ. લાલજી મહારાજશ્રી.** (તા. ૧૨-૩-૧૧)



:: સંસ્થાપક :: :: અધ્યક્ષ ::

# શ્રી સ્વામિનારાયણ ચિંતન


**વર્ષ :- ૬, અંક :- ૯, તા. ૨૦-૦૩-૧૧**

:: પ્રયોજક ::
પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

:: પ્રકાશક ::
શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મીનારાયણ દેવ
પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી
**શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર**
તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫.

**તંત્રી : સાધુ પતિતપાવનદાસજી**

:: સંપાદક ::
સ્વામી આનંદસ્વરૂપદાસજી(વેદાંતાચાર્ય)


સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધારનું રજિસ્ટર્ડ મુખપત્ર ઈ.સ. ૨૦૦૫ના જૂન માસથી પ્રારંભાયેલું, દર માસની ૨૦ તારીખે પ્રકાશિત થતું, આપના સમગ્ર કુટુંબ-પરિવારમાં આનંદ અને સંસ્કારની સૌરભ પ્રસરાવે અને જીવનનું અનેરું ઘડતર કરતું સામયિક.

:: લવાજમના દર ::

| | |
|---|---|
| બે વર્ષ | : ₹. ૧૬૦/- |
| પંચવાર્ષિક | : ₹. ૩૫૦/- |
| પચ્ચીસ વર્ષ | : ₹. ૭૫૦/- |
| પરદેશમાં લવાજમ | : $ 200 U.S.A. |
| | : £ 100 U.K. |


:: લવાજમદર અંગે ગ્રાહક પત્ર વ્યવહાર ::
'ચિંતન કાર્યાલય'
શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર
તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫. ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧
**Visit us :** www.sardhardham.org
www.swaminarayanvadtalgadi.org
**E-mail :** chintansardhar@yahoo.in
sardharmandir@gmail.com


## અનુક્રમણિકા


૧ વિશ્વનું સૌપ્રથમ સ્વા. મંદિર : અમદાવાદ ધામ ૦૫

૨ અમદાવાદમાં કરાવી મંદિર રે.... ૦૬

૩ શ્રી અમદાવાદ દર્શન.... ૦૮

૧. શ્રી નરનારાયણાદિ દેવો............08
૨. સુખશૈયા............................10
૩. શ્રીહનુમાનજી તથા શ્રી ગણપતિજી....................10
૪. શ્રી ગરુડજી............................................10

૪ અમદાવાદ મંદિરમાં આવેલા દર્શનીય સ્થળો..... ૧૧

૧. ભોંયરુ તથા ભોંયરામાં કૂવો......................11
૨. શ્રી નરનારાયણ દેવના મંદિરનો ઉંબરો.........11
૩. મંદિરમાં પંચાયતન દેવો..........................11
૪. મંદિરનો એક સ્થંભ...............................12
૫. શ્રીહરિની બેઠક....................................12
૬. મંદિરના પાછળના ભાગમાં કૂવો...............12
૭. મંદિરના ચોગાનમાં છત્રી.........................13
૦૮. હવેલી તથા હવેલીવાળી જગ્યા.....................13
૦૯. મંદિરના મુખ્ય દરવાજા પાસે છત્રી....................13
૧૦. મંદિરનો મુખ્ય દરવાજો.............................14
૧૧. સભામંડપ.............................................14
૧૨. રંગમહોલ.............................................15
૧૩. અક્ષરભુવન...........................................15
૧૪. બ્રહ્મચારીની જગ્યામાં કૂવો..........................15

૫ અમદાવાદ શહેરમાં આવેલા પ્રસાદીના સ્થાનો.... ૧૬

૦૧. નવોવાસ.............................................16
૦૨. પ.ભ. શ્રી નથુભક્તનું ઘર...........................16
૦૩. પ.ભ. શ્રી હીરાચંદ ચોકસીનું ઘર.................16
૦૪. શ્રી રામજી મંદિર...................................16
૦૫. પ.ભ. શ્રી લાલદાસ ગોરાનું ઘર...................17
૦૬. પ.ભ. શ્રી બહેચર મણકીવાળા શેઠનું ઘર.........17
૦૭. માણેકચોક...........................................17
૦૮. અંબાબાવાળું શ્રી રામજી મંદિર....................17
૦૯. શ્રી રાધાકૃષ્ણનું મંદિર.............................18
૧૦. વડનગરા નાગરોના શ્રી હાટકેશ્વર મહાદેવ.......18
૧૧. વડનગરા નાગરોના શ્રી હાટકેશ્વર મહાદેવ.......18
૧૨. શ્રી શંકરાચાર્યની હવેલી............................18
૧૩. શ્રી મહાલક્ષ્મીજીનું મંદિર...........................18
૧૪. વિસનગરા નાગરોના શ્રી હાટકેશ્વર મહાદેવ.....18
૧૫. કાંકરીયા સરોવર....................................19
૧૬. કાંકરીયા સરોવરનું પૂર્વ તરફનું ગરનાળું.........19
૧૭. કાંકરીયા સરોવરના દક્ષિણ તરફનો વિસામો.....19
૧૮. નગીનવાડી...........................................20
૧૯. કાંકરીયા સરોવરની આથમણી પાળ.............20
૨૦. કાંકરીયાની છત્રી તથા શ્રીહનુમાનજી.............20
૨૧. શ્રી અમૃતલાલ શેઠનું ઘર...........................21
૨૨. રાયપુર દરવાજો.....................................21
૨૩. ચંડોળા તળાવ.......................................21
૨૪. આસ્ટોડીયા દરવાજો................................21
૨૫. સાબરમતી નદી......................................22
૨૬. ભમરીયા કૂવો........................................22
૨૭. ખોખરા મહેમદાવાદ.................................23
૨૮. ખોખરા ગામથી ઊગમણી તરફ છત્રી............23
૨૯. ખોખરામાં પ.ભ. શ્રી નથુભક્તનું ઘર.............23
૩૦. જમાલપુર દરવાજો..................................24
૩૧. ભદ્રમાં પેશ્વાઈ મહેલ (તેલનું ટાંકુ)...............24
૩૨. શ્રી ગૌરીશંકર મહાદેવ.............................24
૩૩. ત્રણ દરવાજા ........................................24
૩૪. શ્રી શ્વેતકૃષ્ણનું મંદિર.............................25
૩૫. ગણેશબારીનો આરો................................25
૩૬. ખાનપુર દરવાજો તથા આરો......................25
૩૭. સમર્પિનો આરો......................................25
૩૮. દરિયાપુર દરવાજો.................................26
૩૯. દિલ્હી દરવાજો......................................26
૪૦. પ.ભ. શ્રી મોહનલાલ શેઠનું ઘર..................26
૪૧. પ.ભ. શ્રી અંબારામ વૈદ્યનું ઘર....................26
૪૨. પ.ભ. શ્રી દામોદર પટેલનું ઘર....................27
૪૩. પ.ભ. શ્રી કુબેરસિંહ છડીદારનું ઘર..............27
૪૪. પ.ભ. શ્રી નરભેરામ શાસ્ત્રીનું ઘર................27
૪૫. પ.ભ. શ્રી પ્રાણનાથ શુકલનું ઘર..................27
૪૬. નારાયણઘાટ........................................28
૪૭. હઠીસિંહના દહેરા..................................29
૪૮. દરીયાખાનનો ઘુમ્મટ..............................29
૪૯. મોતી શાહીબાગ મહેલ............................29
૫૧. અંધારીવાડી..........................................30
૫૨. રેલવેપુલની નીચે શ્રી મહાદેવજી..................30
૫૩. દૂધેશ્વરનો આરો....................................30
૫૪. શ્રી ભીમનાથ મહાદેવ..............................31
૫૫. મોટેરા ગામ..........................................31
૫૬. મોટેરા ગામના શ્રી કોટેશ્વર મહાદેવ.............31
૫૭. કાલુપુર દરવાજો...................................31
૫૮. શાહ આલમના રોજા પાસે વડનું વૃક્ષ............31
૫૯. કાલુપુર રેલ્વે સ્ટેશનમાં શ્રી મહાદેવજી...........32
૬૦. પખાલીની પોળના નાકે શ્રી હનુમાનજીનું મંદિર....32
૬૧. પંચમુખી શ્રી હનુમાનજી...........................32
૬૨. શ્રી નૃસિંહનું મંદિર.................................32
૬૩. શ્રી નીલકંઠ મહાદેવજીનું મંદિર...................32
૬૪. શ્રી બાપાલાલભાઈ પંડિતનું ઘર..................32
૬૫. શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ.....................33

૬ અમદાવાદમાં ભગવાન શ્રીહરિના જીવન-કાર્યની કુમકુમવર્ણી તિથિ ૩૪

૭ શ્રીજીસમકાલીન અમદાવાદના હરિભક્તોની નામાવલી ૩૭

૮ સત્સંગ સમાચાર પત્રિકા ૩૮

૯ ચારધામની આઠમી શ્રી સ્વા. સ્પેશ્યલ ટ્રેનયાત્રા ૪૮

૧૦ પૂ. સ્વામીની આગામી કથા-પારાયણો અને મહોત્સવો ૪૯



**લેખન-સંકલન : સાધુ અમૃતસ્વરૂપદાસ**
ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી - વડતાલ (હાલ-સરધાર)

**સહાયક :-** પાર્ષદ કુણાલ ભગત - સરધાર,
વિશાલ પટેલ, મોહિત વઘાસિયા - રાજકોટ, ભરતભાઈ પટેલ - અમદાવાદ



પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુળ મુગટમણિ શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજનો

૩૮ મો

# જન્મોત્સવ

જુનાગઢ ૨૦૧૧

પ.પૂ. સનાતન. ધ.ધુ. ૧૦૦૮ શ્રી વિધમાન આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના પનોતા સત્પુત્ર લાડિલા લાલ પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુળ મુગટમણિ શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના '૩૮મા જન્મોત્સવ' (તા. ૨૪-૩-૧૧)પ્રસંગે શતશઃ પ્રણામ પૂર્વક હાર્દિક શુભેચ્છા...



ભગવાન શ્રીહરિ સ્થાપિત છ ધામ પૈકી સંપ્રદાયનું તેમજ

# विश्वनुं सौप्रथम श्री स्वामिनारायण मंदिर - अमदावाद धाम

**આ મંદિરનું નિર્માણ કાર્ય એટલે** શ્રી આનંદાનંદ સ્વામી, કુબેરસિંહ છડીદાર, નથુભટ્ટ, લાલદાસ ગોરા, હીરાચંદભાઈ શેઠ, દામોદરભાઈ પટેલ વગેરે **સંતો-ભક્તોના સમર્પણ** અને **પ્રેમભાવનાની યશોગાથા...**

આ મંદિર સર્વાવતારી, સર્વોપરી પૂર્ણ પુરુષોત્તમ **ભગવાન શ્રી સ્વામિનારાયણ**ના **સ્વહસ્તે** પ્રસ્થાપિત થયેલું **વિશ્વમાં સૌપ્રથમ** એક **સનાતનધામ** છે.

જે મંદિરની **નયનરમ્ય** કલાત્મક કોતરણીને નિહાળી પ્રસન્ન થયેલા ભગવાન શ્રીહરિની પ્રસન્નતા વ્યક્ત કરતા **સ.ગુ. શ્રી શતાનંદ સ્વામી** કહે છે :-

गृहीत्वाथानन्दमुने: पाणिं पाणौ स सर्वत: । अपश्यन्मन्दिरं नूत्नं शिल्पिन: प्रशशंस च ॥

આનંદાનંદ મુનિના હાથને પોતાના હાથમાં ગ્રહણ કરી નવીન મંદિર ચોતરફથી જોતા હતા. શિલ્પીઓ અને કોતરણીકામ કરનારાઓની પ્રશંસા કરતા હતા. (શ્રી સત્સંગિજીવન : ૪/૨૫/૫૯)

આ વાત નોંધ લેતા પ.પૂ. ધ.ધુ. આચાર્યપ્રવર શ્રી વિહારીલાલજી મહારાજશ્રી 'શ્રીહરિલીલામૃત' ગ્રંથમાં લખે છે.

'આનંદસ્વામી કર આપ ઝાલી, પ્રભુ ગયા મંદિર માંહિ ચાલી.
કારીગરી ઉત્તમ એહ જાણી, શિલ્પી તણી બુદ્ધિ બહુ વખાણી;
તથા વળી મંદિર કામ વિષે, શાબાશિ આપી મુનિને અતિશે.' (શ્રીહરિલીલામૃત : ૮/૨/૨૨-૨૩)

સં. ૧૮૭૮, ફાગણ સુદ ૩, તા. ૨૪-૨-૧૮૨૨ સોમવારના રોજ સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણે આજથી ૧૮૯ વર્ષ પૂર્વે પોતાના શુભ વરદ્‌હસ્તે અમદાવાદ દેશના ભક્તજનોના સર્વે મનોરથો પૂર્ણ કરવા 'યાવત્ ચંદ્રદિવાકરૌ' આ મંદિરમાં **શ્રી નરનારાયણદેવની મૂર્તિઓની પ્રાણપ્રતિષ્ઠા** કરી છે.



ભગવાન શ્રીહરિ દ્વારા ભક્તજનોના સર્વે મનોરથો પૂર્ણ કરવા **'યાવત્ ચંદ્રદિવાકરૌ'** સ્થાપિત વિશ્વનું **સૌપ્રથમ મંદિર** : અમદાવાદ ધામ

# અમદાવાદમાં કરાવી મંદિર રે, તિયાં બેસારિયા બેહુ વીર રે...

(પુરુષોત્તમ પ્રકાશ : ૨૫/૭)

સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી - વડતાલ (હાલ-સરધાર)

ચાક્ષુષ મન્વંતરમાં જ્યારે દુર્વાસા ઋષિના શાપથી ત્રિલોકીનો પ્રલય થયો ત્યારે **નારાયણ ભગવાન** પણ સ્વેચ્છાથી પોતાના અક્ષરધામમાં ગયા હતા. પછી જ્યારે ક્રમાનુસારે સૃષ્ટિની ઉત્પત્તિ થઈ ત્યારે નિયમ પ્રમાણે **ધર્મદેવ** પણ પ્રગટ થયા. તેમણે નારાયણ ભગવાનને પ્રસન્ન કરવા પૂર્વની માફક ભરતખંડમાં આવી પહેલા જે સાબરમતી નદીના કિનારે **ધર્મારણ્યમાં** આશ્રમ બાંધી **તપશ્ચર્યા** કરી નારાયણ ભગવાનને પ્રસન્ન કર્યા હતા. ફરી તેજ સ્થળે તે સાબરમતી નદીના તેજ કિનારે તેજ જગ્યાએ ધર્મારણ્યમાં પોતાનો **આશ્રમ** બાંધી પોતાની પત્ની સહિત બાર વર્ષ સુધી ખૂબ આકરી તપશ્ચર્યા કરી ત્યારે નારાયણ ભગવાને પ્રસન્ન થઈ દિવ્ય તેજોમય **દર્શન** આપી કહ્યું કે, હું તમારું તથા સત્પુરુષોનું રક્ષણ કરવા પ્રગટ થઈશ. એમ કહી **અંતર્ધાન** થઈ ગયા.

પછી જ્યારે જરૂરત જણાણી ત્યારે તેજ આશ્રમમાં ફાગણ વદી પડવાને દિવસે સોળ વર્ષની ઉંમરવાળા **નારાયણ ભગવાન** નરની સાથે **પ્રગટ** થયા. પછી સર્વે કાર્ય કરીને નરનારાયણ ભગવાને પોતે **બદિકાશ્રમમાં** જઈ **નિવાસ** કર્યો. ત્યારબાદ ભગવાન શ્રીકૃષ્ણ અંતર્ધાન થયા પછી અધર્મનો નાશ કરવા જ્યાં પોતે પહેલા બે વખત પ્રગટ થયા હતા ત્યાં નારાયણ ભગવાનની જવાની ઈચ્છા લક્ષ્મીજીએ જાણીને નારાયણ ભગવાનના દર્શને આવેલા પોતાની શક્તિભૂત ભદ્રકાળીને લક્ષ્મીજીએ સાબરમતી નદીના તટે ધર્મારણ્યમાં વિશાળ રમણીય નગર વસાવવાની **આજ્ઞા** કરી. પછી આ સ્થળે સુંદર શહેર વસાવી પોતે ત્યાં જ નિવાસ કરવા લાગ્યા. તેથી આ શહેરનું નામ શ્રી = લક્ષ્મીજીના નામ ઉપરથી આ લોકમાં શ્રીનગર (શ્રીપુર) એવા નામે **પ્રસિદ્ધ** થયું છે.

સને ૧૦૦૦-૧૧૦૦ દરમ્યાન સિધ્ધરાજ જયસિંહના પિતા અને ભીમદેવ સોલંકીના પુત્ર કર્ણદેવે સાબરમતીના તીરે 'આશાપલ્લી' શહેર વસાવ્યું હતું. ત્યારે ગુજરાતના ચાલુક્ય વંશ સોલંકી રાજ્યનું પાટનગર અણહીલવાડ પાટણ હતું.

ભગવદ્ગોંડલમાં 'કર્ણાવતી' શબ્દાર્થમાં અમદાવાદ શહેરને જ કર્ણાવતી નામથી જણાવેલું છે. ગુજરાત સાહિત્ય પરિષદમાં જણાવ્યા પ્રમાણે 'પોતાની રાજધાની ત્યાંથી ફેરવીને હાલનું અમદવાદા જે તે વખતનું **કર્ણાવતી** હતું ત્યાં રાખી.' ('આશીપલ્લી; કર્ણદેવે વસાવેલું ગુજરાતનું એક જૂનું શહેર હાલના અમદાવાદ શહેર પાસે તે આવેલ હતું.' આ પ્રમાણે

ભગવદ્ગોમંડલમાં કર્ણાવતી શબ્દાર્થમાં જણાવેલું છે.) આ ઉપરથી કર્ણદેવના નામ ઉપરથી જ આ શહેરનું નામ 'કર્ણાવતી' પડેલ છે એમ સ્પષ્ટ જણાય છે.

સને ૧૪૧૧માં મુસલમાનોના ભારત પરના આક્રમણ દરમ્યાન **ગુજરાત સલ્તનત** બની અને સુલતાન અહમદશાહે તેના પાટનગર તરીકે કર્ણાવતી પાસેની જગા પસંદ કરી. તેનું નામ **'અહમદાબાદ'** તરીકે જાણીતું કર્યું. સમય જતાં તે અપભ્રંશ થઈને **'અમદાવાદ'** તરીકે ઓળખાવા લાગ્યું. અમદાવાદની સ્થાપના વિશે એક **દંતકથા** એમ પણ છે કે જ્યારે સુલતાન અહમદશાહ આ વિસ્તારથી લટાર મારવા નીકળ્યા ત્યારે આ વિસ્તારમાં ફરતા સસલાએ સુલતાનના શિકારી કુતરાથી ડરવાને બદલે તેનો સામનો કર્યો. સસલાની આ બહાદુરી જોઈને સુલતાને વિચાર કર્યો કે જે વિસ્તારના સસલા આટલા **બહાદુર** છે ત્યાંના માણસો કેવા હશે અને સુલતાને અહિં પોતાનું **પાટનગર** સ્થાપ્યું. અને એટલે જ આ પંક્તિનો ઉદ્ભવ થયો કે, **'જબ કુત્તે પે સસ્સા આયા, તબ અહમદશાહને શહર બસાયા.'**

આમ, શ્રીનગર નામથી લઈને અમદાવાદ સુધી આ શહેરના ૧૮થી વધુ નામો ઈતિહાસકારોના મતે લોકમાનસમાં જોવા મળે છે.

અમદાવાદ ગુજરાત રાજ્યનું **સૌથી મોટું** અને ભારતનું **સાતમા ક્રમનું શહેર** છે. અમદાવાદમાં આશરે ૬૫,૦૦,૦૦૦ લોકો રહે છે. સાબરમતી નદીના કિનારે વસેલું આ શહેર અમદાવાદ જિલ્લાનું **મુખ્ય મથક** છે અને ૧૯૬૦થી ૧૯૭૦ સુધી ગુજરાત રાજ્યનું **પાટનગર** રહી ચુક્યું છે.

અંગ્રેજોના શાસન દરમ્યાન અમદાવાદ એક આધુનિક અને મોટું શહેર બની ગયું. અંગ્રજોના શાસન દરમ્યાન તેને બોમ્બે પ્રેસિડન્સિ (હકૂમત)નો એક ભાગ બનાવી દેવામાં આવ્યું. અમદાવાદ ત્યારે પણ ગુજરાત પ્રદેશનું એક અદમ્ય ભાગ બની રહ્યું. કાપડ ઉદ્યોગનું તે **મુખ્ય સ્થળ** હતું અને અહિં સ્થપાયેલા ટેક્ષટાઈલ ઉદ્યોગને કારણે તેને **'માન્ચેસ્ટર ઓફ ધ ઈસ્ટ'** તરીકે ઓળખવામાં આવતું હતું.

આવા અમદાવાદ શહેરમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ નીલકંઠવર્ણી વેશે **વન વિચરણ** કરતા કરતા અષાઢી સં. ૧૮૫૫માં અમદાવાદમાં પધાર્યા ત્યારથી લઈને સં. ૧૮૮૬માં **છેલ્લી વખત** પધાર્યા ત્યાં સુધીના ૩૦ વર્ષના સમયગાળા દરમ્યાન **૨૭ વખત** પધારીને આ ભૂમિને પોતાના **પદરેણુંથી અતિ પાવન** કરી છે.

ભગવાન શ્રીહરિએ પોતાના **ત્રણ ગૂઢ સંકલ્પો** પૈકી મહામંદિરો કરવાના સંકલ્પની **શુભ શરૂઆત** કરવાને માટે બીજું કોઈ શહેર કે ગામને પસંદ ન કરતા જ્યાં પ્રથમ ત્રણ-ત્રણ વખત **શ્રી નરનારાયણ ભગવાન** ફાગણ માસમાં પ્રગટ થયા હતા તેજ ફાગણ માસમાં આ અમદાવાદ શહેરમાં **શ્રી નરનારાયણ દેવની સ્થાપના** કરીને **મંદિરનું નિર્માણ** કરાવ્યું.

રાજકીય-ધાર્મિક-સામાજિક તથા અન્યક્ષેત્રોએથી થતાં પ્રબળ વિરોધ વચ્ચે અને આવા વિરોધોને વિદીર્ણ કરીને વિશ્વભરમાં આ એકજ એવું **હિન્દુ મંદિર** છે કે જેને માટે **અંગ્રેજ સરકારે** મંદિર માટેની જમીન **બક્ષિસ** આપી હોય.

ભગવાન શ્રીહરિએ આશ્રિતજનોના સર્વે મનોરથો પૂર્ણ કરવા **'યાવત્ ચંદ્રદિવાકરૌ'** શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયનું વિશ્વમાં **સૌપ્રથમ મંદિર** અમદાવાદમાં **સ્થાપિત** કર્યું છે.

અમદાવાદના સ્વામી ગોપાલાદાસજી લખે છે :-

**'શ્રીપુર મધ્યે શોભતું, પ્રથમ કરીને ધામ;**
**પોતે મળી પધરાવીયા, નરનારાયણ નામ.'**

(કીર્તનામૃત, સરધાર મંદિર પ્રકાશન - ૨૦૧૦ : પેજ નં. - ૫૦૪ )

સ.ગુ. શ્રી **ભૂમાનંદ સ્વામી** આ શહેરનો મહિમા કહેતા લખે છે:-

**'કર્યું સર્વે તીર્થમાં શિરોમણી રે, શ્રીનગર સુંદર ધામ;**
**ઈષ્ટદેવ એ ભરતખંડના રે, નારાયણ જેનું નામ.'**

.................

**'ભરતખંડની સર્વે ભૂમિ કરી, તેમાં અતિ ઉત્તમ આ શહેર;**
**જેમાં વસ્યા વાલો ભૂમાનંદનો રે, ફર્યા ઘોડે ચડી ઘરોઘર.'**

ભગવાન શ્રી સ્વામિનારાયણ અમદાવાદ શહેરના અનેક વિસ્તારોમાં વસતા દરેક સત્સંગીઓને ઘેરે **પધરામણી** કરીને અનંત **ચરિત્રો** કર્યા છે તેથી આ ભૂમિ અતિ ઉત્તમ **પાવનકારી તીર્થ** તરીકે પ્રસિદ્ધ થઈ છે.

ઉપરોક્ત આજ વાતને સ્વામી ગોપાલદાસજી 'શ્રીહરિની અમદાવાદની શોભાના વર્ણન પદો'માં કહે છે :-

**'ભૂમિકા ભરત ખંડની, તેમાં ઉત્તમ આ શહેર;**
**દાસ ગોપાલ કહે સ્વામી, ફર્યા છે ઘેર ઘેર.'**

(કીર્તનામૃત, સરધાર મંદિર પ્રકાશન - ૨૦૧૦ : પેજ નં. - ૫૦૬)

શ્રી નરનારાયણ દેવનો ૧૮૯મો **'વાર્ષિક પાટોત્સવ'** તેમજ પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુળ મુગટમણિ શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીને **'૩૮મો જન્મોત્સવ'** અને તેમના જ અનુજબંધુ પૂજ્ય શ્રી ચિ. નાનાલાલજી શ્રી પુષ્પેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના **'શુભવિવાહ'** પ્રસંગે તમામ તીર્થસ્થાનોના, અમદાવાદ વિદ્વાન સંતશિરોમણી સ.ગુ. શા. સ્વામી શ્રી ઘનશ્યામસ્વરૂપદાસજી દ્વારા લેખિત **'અમદાવાદમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ'** ગ્રંથના આધારે તેમજ તજજ્ઞ વિદ્વાનો-સંતો દ્વારા શાસ્ત્રોક્ત પ્રમાણોથી સંકલિત કરાયેલા આ **'ચિંતન વિશેષાંક'**ના માધ્યમથી દરેક સ્થળના તેની અદ્ભુત **માહિતીસભર દર્શન** કરી **ધન્યતા** અનુભવીએ...



# શ્રી અમદાવાદ

વિશ્વમાં સૌપ્રથમ નિર્માણ થયેલ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ દ્વારા પ્રતિષ્ઠિત

## શ્રી નરનારાયણ દેવ
## શ્રી રાધાકૃષ્ણ દેવ
## શ્રી હરિકૃષ્ણ મહારાજ,
## શ્રી ધર્મ-ભક્તિ

સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણે આ **સંપ્રદાય**ની **સ્થાપના** કરીને તે સંપ્રદાયમાં **ધર્મ-ભક્તિ**નો **પ્રવાહ** ચાલ્યા કરે અને તેથી અનંત જીવાત્માઓ જન્મમરણના કારણરૂપ ભવસાગર તરીને આત્યંતિક કલ્યાણને માપે તેવા ઉત્તમ હેતુથી 'શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય'માં **સૌપ્રથમવાર** અમદાવાર શહેરમાં ભવ્ય સુંદર ત્રણ શિખરનું મંદિર બંધાવી સં. ૧૮૭૮ના ફાગણ સુદ - ૩ તા. ૨૪-૨-૧૮૨૨ ને સોમવારના રોજ અમદાવાદ દેશના ભક્તો માટે તેઓના મનોરથોને પૂર્ણ કરવા પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાને બાથમાં ઘાલીને **શ્રી નરનારાયણાદિ** દેવોની સ્વહસ્તે **પ્રાણપ્રતિષ્ઠા** કરી છે. તેથી જ આ શ્રી નરનારાયણ દેવ, દર્શનાર્થી શ્રદ્ધાળુ-ભાવિક ભક્તજનોના સંકલ્પ અને મનોરથોને પૂર્ણ કરનાર છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રતિષ્ઠાવિધિ કરીને મંદિરની બહાર સભામંડપમાં ભક્તોના સમૂહની અમૂલ્ય સિંહાસન ઉપર બિરાજમાન થઈને એક હાથ ઊંચો કરીને શ્રી નરનારાયણ આદિક દેવોનો મહિમા કહેતા પોતાના આત્મીય ભક્તજનોને કહે છે તેની નોંધ લેતા સ.ગુ. શ્રી શતાનંદ સ્વામી 'શ્રી સત્સંગિજીવન' ગ્રંથમાં લખે છે :-

'नरनारायणः सोऽयमत्र सुस्थापितो मया । भक्त्यैतस्य नृणां श्रेयो भविष्यति न संशयः ॥'

...આ નરનારાયણ મેં હાલમાં આ મંદિરમાં પધરાવ્યા છે. ને આ નરનારાયણની મન-વાણી અને શરીરથી સેવા કરવાથી મનુષ્યોનું કલ્યાણ થશે એમાં સંશય નથી. (શ્રી સત્સંગિજીવન : ૪/૨૫/૮૯)

'नियमेन करिष्यन्ति प्रत्यहं येऽस्य दर्शनम् । ते प्राप्स्यन्ति जना नूनं भुक्तिं मुक्तिं च वाञ्छिताम् ॥'

જે જનો દરરોજ નિયમથી દર્શન કરશે, તે જનો ઈચ્છિત ભુક્તિ અને મુક્તિ પામશે જ. (શ્રી સત્સંગિજીવન : ૪/૨૫/૯૦)

'सेवनादस्य पुत्रार्थी पुत्रं प्राप्स्यति निश्चितम् । धनं धनार्थी विद्यार्थी विद्यां कामं च कामुकः ॥'

નરનારાયણની શ્રદ્ધાપુરઃસર સેવા કરવાથી પુત્રાર્થી પુત્ર, ધનાર્થી ધન, વિદ્યાર્થી વિદ્યા, કામનાવાળો તેના કામને જરૂર પામશે. (શ્રી સત્સંગિજીવન : ૪/૨૫/૯૧)

'एतस्याराधनादिच्छा सर्वा पूर्णा भविष्यति । निष्कामाः सेवनादस्य तरिष्यन्ति भवाम्बुधिम् ॥'

નરનારાયણની આરાધનાથી સર્વે ઈચ્છાઓ પૂર્ણ થશે. નિષ્કામી ભક્તો શ્રીનરનારાયણની સેવાથી સંસારરૂપી સમુદ્ર તરી

# તીર્થદર્શન

સાધુ અમૃતસ્વરૂપદાસ ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

જશે. (શ્રી સત્સંગિજીવન : ૪/૨૫/૯૨)

'श्रीमद्भागवतादीनां सच्छास्त्राणां तु ये बुधाः।
करिष्यन्ति पुरश्चर्यां गायत्र्या वाऽस्य मन्दिरे ॥
सर्वे मनोरथास्तेषां सफला भाविनः किल ।
इह लोके परस्मिन्वा तेषां न्यूनं न किञ्चन ॥'

જે ડાહ્યા પુરુષો શ્રીમદ્ ભાગવતાદિનું પુરશ્ચરણ અથવા ગાયત્રીનું પુરશ્ચરણ નરનારાયણના મંદિરમાં કરશે તે પુરશ્ચરણકર્તાઓના સર્વે મનોરથો સફળ થશે. તે સર્વેનું આ લોકમાં અને પરલોકમાં કંઈ પણ ઈચ્છિત અધૂરું નહીં રહે, અર્થાત્ સર્વે ઈચ્છિત પૂર્ણ થશે જ. (શ્રી સત્સંગિજીવન : ૪/૨૫/૯૩-૯૪)

તેમજ પ.પૂ. ધ.ધુ. આચાર્યપ્રવર શ્રી વિહારીલાલજી મહારાજશ્રી **'શ્રીહરિલીલામૃત'** ગ્રંથમાં લખે છે.

**'બેય મૂર્તિ ચતુર્ભુજ શ્યામ, ધાર્યું નર ને નારાયણ નામ;
આરતી મહારાજે ઉતારી, બે ઘડી દૃષ્ટિ એકાગ્ર ધારી.
સર્વ સંતપ્રત્યે ઘનશ્યામ, બોલ્યા તે સમે પૂરણકામ;
સદા આ મૂર્તિમાં હું રહીશ, સેવા સૌ અંગિકાર કરીશ.'**

(શ્રીહરિલીલામૃત : ૮/૨/૩૪-૩૫)

સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામી પણ આ પ્રતિષ્ઠાનો પ્રસંગ આલેખતા કહે છે :-

**'નરનારાયણ સુખરાશી રે, પધરાવી કરાવી ચોરાશી રે;
જે જે દર્શન કરશે એના રે, મોટા ભાગ્ય માનવા જો તેના રે.'**

(પુરુષોત્તમ પ્રકાશ : ૪૭/૮)

શ્રી નરનારાયણાદિ દેવોની પ્રતિષ્ઠા પછી સંતો-ભક્તો પ્રાર્થના ઉચ્ચારતાં કહે છે :-

**'પધાર્યા છો પોતે સ્વજનહિત આ શ્રીપુર વિષે,
નિહાળીને નેત્રે અધિક હરખ્યા સૌ ઉર વિષે;
સદા આ પ્રાસાદે જનસુખદ સ્વામી સ્થિતિ કરો,
સહુ સત્સંગીનાં સમયસમયે સંકટ હરો.
અમારા હે ઇષ્ટ પ્રગટ પ્રભુ ધર્માત્મજ તમે,
તમારું હે સ્વામી ભજન કરિયે ભાવથી અમે;
તમારી મૂર્તિમાં અચળિત અમારાં મન હજો,
તમારો હે ત્રાતા જગત સઘળામાં જય થજો.'**

(શ્રીહરિલીલામૃત : ૮/૨/૪૩-૪૪)







## સુખશૈયા

શ્રી નરનારાયણ દેવના મંદિરથી પશ્ચિમ તરફ સુખશૈયાની સ્થાપના પણ ભગવાન શ્રીહરિએ જ કરેલી છે. તેમાં પલંગ છે તે પ્રસાદિનો છે. આ સુખશૈયામાં શ્રીજીમહારાજની મૂર્તિઓ છે. તેમાં જે ચિત્રની મૂર્તિ છે તે શ્રીજીમહારાજે નારાયણજીભાઈ પાસે બનાવરાવીને પોતે પધરાવી છે. તેથી તે મૂર્તિ પ્રસાદિની છે. આ મૂર્તિમાં સં. ૧૮૮૦ એમ લખેલું છે. અને બાજુમાં જે ચાંદીની ઉપાડની મૂર્તિ છે તે પાછળથી પધરાવેલ છે.



## શ્રીહનુમાનજી તથા શ્રી ગણપતિજી



આ બંને મૂર્તિઓ ભગવાન શ્રીહરિએ પોતે શ્રી નરનારાયણાદિક દેવોની પ્રતિષ્ઠા સમયે મંદિરમાં પધરાવી છે. તેથી આ શ્રી હનુમાનજી તથા શ્રી ગણપતિજીની મૂર્તિઓ શ્રીજીમહારાજના યોગથી **પ્રાસાદિક** બનેલ છે.



## શ્રી ગરુડજી

શ્રી નરનારાયણ દેવ આદિક ત્રણેય સિંહાસનોના પગથિયાંમાં ગરુડજી બિરાજે છે. તે મૂર્તિઓ શ્રીજીમહારાજની પ્રસાદીની છે. તેમાં હાલમાં બંને બાજુના સિંહાસનોના પગથિયાંમાં ગરુડજી જેમના તેમજ છે. અને શ્રી નરનારાયણદેવના સિંહાસનના ગરુડજી મંદિર ઉપર શિખરને ભાગે પધરાવવામાં આવ્યા છે.

# અમદાવાદ મંદિરમાં આવેલા દર્શનીય તીર્થસ્થળો

## ભોંયરુ તથા ભોંયરામાં કૂવો

શ્રી નરનારાયણ દેવના સિંહાસનના નીચે સુંદર **ભોયરું** છે. જેમાં શ્રીજીમહારાજ બપોરે આરામના સમયે ઘણીવખત શાંતિથી પોઢતા હતા. આ ભોંયરામાં એક **કૂવો** છે. વાસ્તુ-શિલ્પ શાસ્ત્રની વિધિ અનુસાર જ્યાં અચળ મૂર્તિઓની સ્થાપના કરવી હોય ત્યાં મૂર્તિઓની નીચે કૂવો હોવો જોઈએ. એ મર્યાદાને અનુલક્ષીને ભગવાન શ્રીહરિએ અમદાવાદ મંદિર નિર્માતા સ.ગુ. શ્રી આનંદાનંદ સ્વામીને મંદિરની બરાબર મધ્યભાગમાં કૂવો કરવાની **આજ્ઞા** કરી હતી. આ કૂવાની ઉપર જ **સિંહાસન** ગોઠવી તેમાં શ્રી નરનારાયણ દેવની **સ્થાપના** કરવામાં આવી છે. શ્રીજીમહારાજ ભોંયરામાં પોઢતા હતા ત્યારે પોતે આ કૂવાનું જળ **સ્નાનાદિક** તેમજ **પીવા માટે** ઉપયોગમાં લેતા હતા. હાલમાં આ કૂવાના મોઢા ઉપર પોલો થાંભલો કરી પડખાના ભાગો ચણી લઈ સિંહાસનના પાછળના ભાગમાં નાનું **દ્વાર** રાખેલું છે. જ્યારે શ્રી નરનારાયણાદિ દેવોનો **અભિષેક** કરવામાં આવે છે ત્યારે આજે પણ નાના લોટાથી આ કૂવાનું જળ કાઢીને અભિષેક કરવામાં આવે છે. તેથી આ ભોંયરુ અને કૂવો પ્રસાદિના છે.



## શ્રી નરનારાયણ દેવના મંદિરનો ઉંબરો


મંદિરના મધ્યશિખરમાં બિરાજમાન શ્રી નરનારાયણ દેવના દ્વારના આ ઉંબરા ઉપર બેસી ભગવાન શ્રીહરિ ઘણીવખત થાળ જમ્યા હતા. તેમજ શ્રીજીમહારાજ **શ્રી નરનારાયણ દેવની પ્રતિષ્ઠા** કરી રહ્યા પછી સત્સંગીઓ વસ્ત્ર-આભૂષણો દેવોને ભેટ આપતા હતા ત્યારે તેને ભગવાન શ્રીહરિ આ ઉંબરા ઉપર બેસી લેતા હતા અને બ્રહ્મચારીને તે વસ્તુઓ મૂર્તિઓને ધરાવવા આપતા હતા. તેમજ દેવોની પ્રતિષ્ઠા સમયે દેવો સામી એક દૃષ્ટિ રાખી મૂર્તિઓમાં દૃષ્ટિ જોડી પોતાનું **તેજ** અને **શક્તિ** મૂર્તિઓમાં મૂકતા હતા. તેથી આ ઉંબરો અતિ પ્રસાદિનો જાણી જેમનો છે તેમનો તેમજ ફેરફાર કર્યા વિના હાલમાં રાખેલો છે.





## મંદિરમાં પંચાયતન દેવો

ભગવાન શ્રી સ્વામિનારાયણે શ્રી નરનારાયણાદિક દેવોની પ્રતિષ્ઠા કરી ત્યારે શ્રી નરનારાયણ દેવના સિંહાસનની પૂર્વ તરફ શિવ-પંચાયતન દેવની પણ પ્રતિષ્ઠા કરેલ છે. તેથી આ પંચાયતન દેવો પ્રસાદિના છે.



## મંદિરનો પ્રાસાદિક એક સ્થંભ

શ્રી રાધાકૃષ્ણના મંદિરના આગળના ભાગમાં રહેલા રંગમંડપ-ઘુમ્મટના સ્થંભને **ઓઠિંગણ** દઈને શ્રીજીમહારાજે ઘુમ્મટની છતમાં કોતરેલા **પૂતળાઓ**નું **નિરીક્ષણ** કર્યું હતું. તેમજ આ સ્થંભ પાસે ઊભા રહીને મંદિરના નિર્માણકાર્યમાં સેવા કરનાર મુખ્ય કારીગર શિલ્પીઓને **શિરપાવો** આપ્યા હતા.

મંદિરના નિર્માણકાર્ય સમયે પથ્થરો લાવવા માટે હરિભક્તો ગાડા લઈને વારાફરતી પથ્થર લાવવાની સેવા કરતા હતા. એકવખત પચાસેક ગાડાની વણઝાર હિંમતનગરથી પથ્થરો ભરી અમદાવાદ આવતી હતી. તેમાં રસ્તામાં એક ગરીબ હરિભક્તના ગાડાંના એક બળદનો પગ ભાંગ્યો. પછી નજીકના ગામમાંથી બે ગાડાં ભાડે કરી એક ગાડામાં બળદને નાખ્યો અને બીજા ગાડાંમાં પથ્થરા ભરીને અમદાવાદ લાવ્યા. શ્રીજીમહારાજે બળદને **પાટાપિંડી** કરાવી અને તે હરિભક્તની **સેવા** બિરદાવવા માટે તે પથ્થરનો **સ્થંભ** ઘડાવીને ઊભો કરાવ્યો અને તે સ્થંભને **ખૂબ ભેટ્યા** હતા. હાલમાં આ અલૌકિક **પ્રાસાદિક સ્થંભ**ને નીચેના ભાગે ચાંદીથી મઢવામાં આવ્યો છે.

## શ્રીહરિની બેઠક



શ્રી નરનારાયણ દેવ મંદિરની ઉત્તર તરફના પગથિયાંની આથમણી તરફની બેઠક ઉપર થાંભલા પાસે ભગવાન શ્રીહરિ ઘણીવખત બેસતા, તેથી તે બેઠક **અતિ પ્રાસાદિક** છે. હાલમાં તે બેઠક ફેરવીને તે પ્રસાદીનો પથ્થર રંગમહોલના પગથિયાં ચડતાં જમણા હાથ તરફ દર્શન કરવા મૂકેલો છે. અને તે બેઠકની મૂળ જગ્યાએ **પ્રાસાદિક સ્થાન** જાણીને ઓટો કરાવી ભગવાન શ્રીહરિના **ચરણારવિંદ** પધરાવવામાં આવ્યા છે.



## મંદિરના પાછળના ભાગમાં કૂવો

મંદિર અને અક્ષરભુવનના દક્ષિણ દિશાના ખૂણા પાસે **કૂવો** છે તે પ્રસાદીનો છે. આ કૂવાનું જળ ખૂબજ **મીઠું** અને **સ્વાદુ** હતું તેથી શ્રીજીમહારાજ તથા સંતો તે જળ પીવાના ઉપયોગમાં લેતા હતા. દેવોના થાળાદિક સેવામાં પણ આ કૂવાનું જળ ઉપયોગમાં લેવાતું હતું. જ્યાં સુધી આ કૂવામાં પાણી હતું ત્યાં સુધી માંદા સંતો આ કૂવાનું જ પાણી પીતા હતાં. હાલમાં તેમાં પાણી ન હોવાથી કૂવા ઉપર પથ્થર મૂકીને ઢાંકી દેવામાં આવ્યો છે.



## મંદિરના ચોગાનમાં છત્રી

મંદિરના વિશાળ ચોગાનમાં રહેલ **છત્રી**ની જગ્યાએ ભગવાન શ્રીહરિ પાટ ઉપર બીજી પાટ નંખાવી તેના ઉપર ઊભા રહી સંતો-હરિભક્તો સાથે ઘણીવાર રંગે રમ્યા છે. તેમજ સભામાં પાટ ઉપર બિરાજમાન થઈને **દર્શન** તથા **ઉપદેશ** આપતા હતા. તેની સ્મૃતિ રહે તે માટે તે જગ્યાએ આરસની સુંદર છત્રી કરાવીને **ચરણારવિંદ** પધરાવવામાં આવ્યા છે.



## હવેલીવાળી જગ્યા તથા હવેલી

શ્રી નરનારાયણ દેવનું મંદિર થયું ત્યારે આ જગ્યાએ મોટો ચોક હતો. શ્રીજીમહારાજ આ જગ્યાએ સભા કરી પાટ ઉપર બેસતા હતા. ભગવાન શ્રીહરિએ આ જગ્યાએ સર્વે સભાજનોને દેખાડવા નટો રમાડ્યા હતા. અને તેમાંથી એકાગ્રવૃત્તિ રાખવાથી તથા અભ્યાસથી કેવું કાર્ય થાય છે તે સંતો-હરિભક્તોને બતાવી તે પ્રમાણે **એકાગ્રવૃત્તિ** રાખી તેમજ અભ્યાસ કરી ભગવાનની મૂર્તિ ધારવા ઉપદેશ તથા આદેશ આપ્યો હતો. વળી, આ જગ્યાએ શ્રીજીમહારાજે ઉત્સવ-સમૈયા પ્રસંગે હરિભક્તોની **પંક્તિ** કરાવી જમાડ્યા હતા. તેથી આ જગ્યાને **અતિ પ્રાસાદિક** જાણી આદિઆચાર્ય પ.પૂ. ધ.ધુ. શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજે સં. ૧૯૦૭માં સુંદર **કલાત્મક હવેલીનું નિર્માણકાર્ય** કરાવ્યું હતું. આ હવેલીના સ્થંભો, પાટડા અને કુંભીઓની કોતરણી કલાત્મક નકશીકામ યુક્ત છે. અને બેવડો ચોક, ત્રણ માળ તથા અંદર ઘણા જ ખંડો વગેરેથી આ **હવેલી** અત્યંત વિશાળ અને જોવાલાયક અને અમદાવાદના સ્થાપત્યના એક **અજોડ નમૂનારૂપ** છે. આ હવેલીમાં બાળપ્રભુ શ્રી ઘનશ્યામ મહારાજની મૂર્તિ બિરાજમાન છે.



## મંદિરના મુખ્ય દરવાજા પાસે છત્રી

અમદાવાદ મંદિરના મુખ્ય દરવાજા પાસે ઉત્તર તરફ છત્રી છે. ત્યાં પહેલા લીંબડો હતો તેની નીચે પાટ ઉપર શ્રીજીમહારાજ બિરાજમાન થઈને ઉપદેશ આપતા હતા તેના વચનામૃત પણ ગ્રંથસ્થ છે. આ લીંબડો પડી જવાથી તે જગ્યાની સ્મૃતિ રહે તે માટે ત્યાં છત્રી કરાવીને **ચરણારવિંદ** પધરાવવામાં આવ્યા છે. અને આ લીંબડાનું થડ બ્રહ્મચારીની જગ્યામાં જવાના બારણા પાસે ખૂણામાં દર્શનાર્થે રાખવામાં આવ્યું છે. (શ્રીજીમહારાજની આ લીંબડાના વૃક્ષ નીચે થયેલ સભાનું વર્ણન **'શ્રીહરિકૃષ્ણલીલામૃત'** આદિક ગ્રંથોમાં કરવામાં આવ્યું છે.)

'રહ્યો ચાર ઘડી દિન જ્યારે, ઉતર્યા પ્રભુ ચોકમાં ત્યારે;
લીંબડા હેઠે ઓટો અનૂપ, બિરાજ્યા તહાં ભૂપનો ભૂપ.'

(શ્રીહરિલીલામૃત : ૮/૨/૪૭)



## મંદિરનો મુખ્ય દરવાજો

આ મુખ્ય દરવાજાની જગ્યાએ પહેલા મેડાબંધ સુંદર દરવાજો હતો. તેના ઉપર શ્રીજીમહારાજ ઘણીવખત પોઢતા હતા અને તેની અગાશીમાં ઊભા રહીને ભક્તજનોને દર્શન પણ આપતા હતા. આ દરવાજા ઉપર ભગવાન શ્રીહરિએ **'શ્રી વાસુદેવમાહાત્મ્ય'** ગ્રંથની કથા વંચાવેલ છે. આ વાત અમદાવાદ પ્રકરણના ૭માં વચનામૃતમાં લખેલ છે. આ મેડાબંધ જૂનો દરવાજો પડી જવાથી તે જગ્યાએ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી પુરુષોત્તમપ્રસાદજી મહારાજશ્રીએ નવ્ય ભવ્ય કલાત્મક દરવાજો બંધાવેલ છે.



## સભામંડપ

આ સભામંડપની જગ્યાએ મંદિર કરાવ્યાં પહેલા ભગવાન શ્રીહરિએ સંતોને ઉતરવા માટે **ધર્મશાળા** બંધાવી હતી. આ ધર્મશાળામાં શ્રીજીમહારાજ ઘણીવખત ઉતરતા અને સંતોને દર્શન દેવા પણ ઘણીવાર અહિં પધારતા હતા. આ ધર્મશાળામાં શ્રીજીમહારાજે સંતોની પંક્તિ કરાવી પીરસતા અને પીરસતાં પીરસતાં પંક્તિના બંને છેડે ખુરશીઓ મૂકાવી તેના ઉપર બેસતા હતા. તે બંને જગ્યાની સ્મૃતિ રહે તે માટે તે જગ્યાએ **સભામંડપ** નિર્માણ થયા પછી સ.ગુ. શ્રી નંદકિશોરદાસજી સ્વામીએ **ઓટા** કરાવી ભગવાન શ્રીહરિના **ચરણારવિંદ** પધરાવ્યાં છે. આ ધર્મશાળાની જગ્યાએ સં. ૧૯૨૭માં પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી કેશવપ્રસાદજી મહારાજે ભવ્ય કલાત્મક **સભામંડપ** બંધાવ્યો અને ધર્મશાળાના પ્રસાદીના લાકડાથી રંગમહોલ પાસે માંદા સંતોને રહેવા માટે **ઓરડો** બંધાવ્યો છે તે હાલ મોજુદ છે. આ સભામંડપના સ્થંભો, પાટડાઓ, કુંભીઓ, સરાભરણા અને મડાળો વગેરેની કોતરણી કલાત્મક અને આકર્ષક છે. મંદિરના ચોકથી લઈને સભામંડપ તરફની **ભૂમિ** સભામંડપ સહિત **બ્રહ્મચારિણી** ગણાય છે. કારણ કે ત્યાં સ્ત્રીઓનો પ્રવેશ નિષેધ છે.







સભામંડપમાં વચ્ચે **ગાદીસ્થાન**ની **ભૂમિ** છે. આ જગ્યાએ જ્યારે **ધર્મશાળા** હતી ત્યારે ભગવાન શ્રીહરિ ઘણીવખત સભામાં **પાટ** નંખાવીને બિરાજમાન થતા. તેમજ ઘણીવખત રાત્રે ઢોલિયો ઢળાવીને તેના ઉપર પોઢતા હતા. જે **પ્રસાદીની પાટ** હાલમાં હવેલીના મેડા ઉપર અવધભુવનમાં રાખવામાં આવી છે. આ સભામંડપના મધ્યભાગમાં ગાદીસ્થાનની ભૂમિ પર **ચાંદીજડિત** પાટ રહેલી છે. તેના ઉપર ઉત્સવ-સમૈયા તેમજ નિત્ય સભા પ્રસંગે**પ.પૂ. ઘ.ઘુ. આચાર્ય મહારાજશ્રી** બિરાજમાન થઈને સંતો-હરિભક્તોને **દર્શન-સ્પર્શ-પૂજન** અને આશીર્વાદરૂપી દિવ્ય અમૃતવાણીનું **સુખ** આપે છે.






## રંગમહોલ

આ રંગમહોલ જ્યારે મંદિર કર્યું તે અરસામાં ભગવાન શ્રીહરિને ઉતરવા માટે ખાસ બંધાવ્યો હતો. તેથી શ્રીજીમહારાજ જ્યારે જ્યારે અમદાવાદ પધારતા ત્યારે આ **રંગમહોલ**માં ઉતરતા હતા. આ રંગમહોલમાં જે ચોકડીમાં ભગવાન શ્રીહરિ જમતા તથા પાણી ઢોળવાના ઉપયોગમાં લેતા તે **ચોકડી** તથા જે બારીમાં પોતે બિરાજતા તે **બારી** રંગમહોલના મેડા ઉપર પગથિયે ચઢતાં જમણા હાથ ઉપર જેમની તેમ મોજૂદ છે. તથા આ રંગમહોલના ઉપરના અને નીચેના ભાગે જે **પાટો** છે તે **સુખશૈયા** તરીકે હાલમાં વપરાય છે. શ્રીજીમહારાજ આ પાટો ઉપર ચઢી રંગ ઉડાડતા હતા તેથી તે પાટો પણ પ્રસાદીની છે. આમ, આખો રંગમહોલ, ચોકડી, બારીઓ, પાટો વગેરે અતિ પ્રસાદીના છે. આ સ્થળની હંમેશા સ્મૃતિ રહે તે માટે ધ્યેયમૂર્તિ શ્રી ઘનશ્યામ મહારાજની અતિ રમણીય મનોહર **કાષ્ઠની મૂર્તિ** પધરાવવામાં આવી છે. તેમજ રંગમહોલના મેડા ઉપર શ્રીજીમહારાજની અતિ પ્રાસાદિક વસ્તુઓ દર્શનાર્થે રાખવામાં આવી છે.



## અક્ષરભુવન

સ.ગુ. શ્રી આનંદાનંદ સ્વામીને મંદિર નિર્માણકાર્ય માટે જ્યારે **મૂંઝવણ** થઈ ત્યારે તેઓની મૂંઝવણ દૂર કરવા દિવ્યરૂપે **ભગવાન શ્રીહરિ** આવીને આ જગ્યા ઉપર ઊભા રહીને **દર્શન** આપી જમીનમાંથી **સોનાનું મંદિર** કાઢી બતાવ્યું હતું. આ પ્રાસાદિક સ્થળ જાણીને બાળપ્રભુ શ્રી ઘનશ્યામ મહારાજની સુંદર સંગેમરમર મૂર્તિ પધરાવવામાં આવી છે. તેમજ નીચેના માળે અંદરની પ્રદક્ષિણામાં તેમજ ઉપરના માળે શ્રીજીમહારાજના **ચરણારવિંદ આદિક** અનેક **પ્રાસાદિક વસ્તુઓ**ને **દર્શનાર્થે** રાખવામાં આવી છે.





## બ્રહ્મચારીની જગ્યામાં કૂવો

આ કૂવો બ્રહ્મચારીની જગ્યામાં થઈ રંગમહોલ જતા રસ્તામાં **બ્રહ્મચારી નિવાસ**માં આવેલો છે. ભગવાન શ્રીહરિ રંગમહોલમાં ઉતારો કરતા ત્યારે આ કૂવાના થાળામાં બેસીને **સ્નાન** કરતા અને આ કૂવાનું જળ પીવા વગેરે કાર્યમાં ઉપયોગમાં લેતા હતા. તેથી આ કૂવો ઘણો જ પ્રસાદિનો છે. શ્રીજીમહારાજના આ **લીલાપ્રસંગ**ની **સ્મૃતિ** રહે તે માટે કૂવા પાસે આરસની સુંદર **છત્રી** કરાવી **ચરણારવિંદ** પધરાવવામાં આવ્યા છે.

# અમદાવાદ શહેરમાં આવેલા પ્રસાદિના તીર્થસ્થળો



## નવોવાસ

આ નવોવાસ કાલુપુર શ્રી સ્વામિનારાયણ મંદિરના **મુખ્ય દરવાજા** પાસે આવેલો છે. આ નવાવાસમાં પુરુષોત્તમદાસ પટેલના ઘરે ભગવાન શ્રીહરિ મંદિર થયા પહેલા સંતો-હરિભક્તો સહિત ઉતરતા હતા. તે ઘરની આગળ **લીંબડાનું વૃક્ષ** તથા મોટો **વિશાળ ચોક** હતો. તે ચોકમાં લીંબડાના વૃક્ષ નીચે શ્રીજીમહારાજ સભામાં બિરાજમાન થઈને અનેક મનુષ્યોને **સમાધિ** કરાવતા, સદુપદેશ આપતા, અનેક **ઐશ્વર્ય-પ્રતાપો** દેખાડતા હતા. અભણ અને મૂર્ખ ભાટના છોકરા પાસે અર્થ તથા સ્વરો સહિત **વેદ** બોલાવ્યા હતા. હાલમાં આ લીંબડાનું વૃક્ષ પડી જવાથી તે સ્થળની સ્મૃતિ રહે તે માટે ત્યાં **છત્રી** કરાવી **ચરણારવિંદ** પધરાવવામાં આવ્યા છે. જે ઘેર શ્રીજીમહારાજ ઉતરતા તે **પુરુષોત્તમદાસ પટેલ**નું અસલ **ઘર** હાલમાં **મોજુદ** છે. તેમાં તેમના વંશજો રહે છે. આ નવાવાસમાં શ્રીજીસમકાલીનમાં ઘણા જ હરિભક્તો નિવાસ કરતા હતા. તે તમામ ભક્તોના ઘરે ભગવાન શ્રીહરિ પધારેલા છે અને થાળ પણ જમ્યા છે. તેથી આ **નવોવાસ** અતિ પ્રસાદિનો છે.

## પ.ભ. શ્રી નથુભટ્ટનું ઘર

કાલુપુર સ્થિત શ્રી સ્વામિનારાયણ મંદિરની દક્ષિણ તરફ નજીકમાં હાજાપટેલની પોળમાં રામજી મંદિર પાસે શ્રીજીમહારાજના પરમ એકાંતિક ભક્તરાજ શ્રી નથુભટ્ટનું ઘર આવેલું છે. આ ઘરમાં શ્રીજીમહારાજે સંતો સહિત ઘણી જ વખત પધારી થાળ અંગીકાર કરીને સંતોને જમાડ્યા છે. હાલમાં અહિં શ્રીજીસમકાલીન સત્સંગી **હીરાચંદ ચોકસીના વંશજો** રહે છે.

## પ.ભ. શ્રી હીરાચંદ ચોકસીનું ઘર

શ્રીજીસમકાલીન પ.ભ. શ્રી હીરાચંદભાઈ ચોકસી અમદાવાદ શહેરમાં આગેવાન **પ્રતિષ્ઠિત સત્સંગી** હતા. તેઓનું ઘર પણ હાજાપટેલની પોળમાં નથુભટ્ટના ઘર જોડે જ આવેલું છે. તેઓના ઘેરે શ્રીજીમહારાજ સંતો-ભક્તો સહિત ઘણીજ વખત પધારી થાળ જમ્યા છે. હાલમાં ચોકસી વંશજોએ **નથુભટ્ટનું ઘર** વેંચાણે લઈ પોતાના ઘર સાથે મેળવી દીધું છે તેથી બંને ઘરો **એક** છે. શ્રી હીરાચંદભાઈના વંશજોમાં અત્યારે પણ **સારો સત્સંગ** છે.





## શ્રી રામજી મંદિર

આ રામજી મંદિર હાજાપટેલની પોળમાં આવેલું છે. આ મંદિર ઘણું **પ્રાચીન** હોવાથી મંદિરના નામ ઉપરથી જ આ **પોળ**નું નામ **'રામજી મંદિરની પોળ'** પડેલું છે. આ મંદિરમાં શ્રીજીમહારાજ ઘણીવખત પધારી શ્રીરામચંદ્રજી ભગવાનની મૂર્તિઓનો સ્પર્શ કરી દર્શન કરતા હતા. તેથી તે **મૂર્તિઓ સહિત** આખું મંદિર **પ્રસાદિભૂત** છે. સદ્‌ગુરુવર્ય શ્રી **રામાનંદ સ્વામી** પણ આ મંદિરમાં ઘણીવાર પધારેલા છે.



## પ.ભ. શ્રી લાલદાસ ગોરાનું ઘર

આ લાલદાસ ગોરાનું ઘર ઝાંપડા (ઝૂંપડા અથવા જહાંપનાહ)ની **પોળ**માં આવેલું છે. હાલમાં તેમના વંશજોએ તે ઘર વેચી દીધું છે. પરંતુ તે ઘર હજી એજ પ્રમાણે **મોજુદ** છે. ભગવાન શ્રીહરિ આ ઘરે ઘણીવખત પધારેલા છે તેથી આ ઘર પણ **પ્રસાદિભૂત** છે.


## પ.ભ. શ્રી બહેચર મણકીવાળા શેઠનું ઘર



આ ઘર કાલુપુરમાં **ગુંદીની પોળ**માં આવેલું હતું. પરંતુ હાલમાં તે પોળ **રીલીફ રોડ**માં જતા તે રીલીફ રોડ ઉપર આવેલું છે. આ ઘરે શ્રીજીમહારાજ અને સ.ગુ. શ્રી મુક્તાનંદ સ્વામી આદિક સંતો પધાર્યા છે. તેથી આ ઘર ઘણું જ પ્રસાદિનું છે. બહેચરભાઈ શેઠ **નથુભાઈ ભટ્ટ**ના મિત્ર હતા તેથી તેઓ તેમના કહેવાથી મુક્તાનંદ સ્વામીનો **સમાગમ** કરવા આવતા હતા. તે સમાગમે કરીને ભગવાન શ્રીહરિનો **પાકો નિશ્ચય** થયો હતો.

**'કર્યો વર્ણીએ થાળ તૈયાર, જમ્યા જીવન જગદાધાર;**
**શેઠ બેચર મણકીને ઘેર, પધાર્યા પ્રભુજી રુડિપેર.'**

(શ્રીહરિલીલામૃત : ૮/૨/૪૫)



## માણેકચોક

આ માણેકચોક અમદાવાદ શહેરનો હીરા-માણેક, સોના-ચાંદી માટે મુખ્ય ચોક (બજાર) ગણાતો હતો. માણેકનાથ બાવાના નામથી અથવા તો બાજુમાં સાબરમતીના કિનારે આવેલ **માણકેશ્વર તીર્થ** ઉપરથી આ ચોકનું નામ **'માણેકચોક'** પડ્યું હોય તેવું ઈતિહાસથી જાણવા મળે છે. આ માણેકચાકમાં શ્રીજીમહારાજ જ્યારે પણ અમદાવાદ પધારતા ત્યારે પધારતા હતા. અને આજુબાજુમાં રહેતા હરિભક્તોને ઘરે પધરામણી પણ કરતા હતા. તેથી આ ચોક પ્રસાદિનો છે.

**'જથેથી ઉભા જન ઠામઠામ, કરે પ્રભુને નમીને પ્રમાણ;**
**આવ્યા પ્રભુ માણેક ચોકમાંય, દુકાનદારો પ્રણમેજ ત્યાંય.'**

(શ્રીહરિલીલામૃત : ૮/૨/૧૯)

## અંબાબાવાળું શ્રી રામજી મંદિર



આ શ્રી રામજી મંદિર આકાશેઠ કૂવાની પોળમાં આવેલું છે. આ મંદિરમાં ભગવાન શ્રી રામચંદ્રજી વગેરે દેવોની મૂર્તિઓ છે. તે સદ્‌ગુરુવર્ય શ્રી રામાનંદ સ્વામી તથા ભગવાન શ્રીહરિની પ્રસાદિની છે. આ રામજી મંદિર અમદાવાદના સ્ત્રીભક્ત **અંબાબા**એ રામાનંદ સ્વામીને **ભેટ** આપ્યું હતું. તેથી રામાનંદ સ્વામી જ્યારે અમદાવાદમાં પધારતા ત્યારે આ મંદિરમાં **ઉતારો** કરતા હતા. ભગવાન શ્રીહરિએ પણ એકવખત અહિં મંદિરમાં ઉતારો કર્યો હતો અને ઘણીવખત દર્શનાર્થે પધારેલા છે. તેથી આ મંદિર ઘણું જ પ્રાસાદિક જણાય છે.



## શ્રી રાધાકૃષ્ણનું મંદિર

આ શ્રી રાધાકૃષ્ણ મંદિર **રાયપુર દરવાજા** પાસે મોરલીધરની પોળના નાકે મુખ્ય માર્ગ ઉપર પખાલીની પોળની સામે આવેલું છે. આ મંદિર પણ અંબાબાના કબજાનું હતું તેથી તેમણે આ મંદિર સદ્‌ગુરુવર્ય શ્રી રામાનંદ સ્વામીને **અર્પણ** કર્યું હતું. રામાનંદ સ્વામીના ધામ સિધાવ્યા બાદ ભગવાન શ્રીહરિએ વિમુખ કરેલો રઘુનાથદાસ આ મંદિર નિવાસ કરતો હતો. શ્રીજીમહારાજ આ મંદિરમાં **એકવખત** પધારેલા છે તેથી આ મંદિર પ્રસાદિનું છે.

## વડનગરા નાગરોના શ્રી હાટકેશ્વર મહાદેવ



આ શ્રી હાટકેશ્વર મહાદેવનું મંદિર રાયપુરમાં હવેલીની પોળના નાકે આવેલું છે. આ મંદિર વડનગરા નાગરોના **'શ્રી હાટકેશ્વર મહાદેવજી'** કહેવાય છે. આ મહાદેવ મંદિરે ભગવાન શ્રીહરિ ઘણીવખત દર્શનાર્થે પધારેલા છે તેથી આ મંદિર પણ પ્રસાદિનું છે.




## શ્રી શંકરાચાર્યની હવેલી

સારંગપુર વિસ્તારમાં રાયપુર ચકલામાં ભાઈશંકરની હવેલી પાસે આ 'શ્રી શંકરાચાર્યની હવેલી' આવેલી છે. આ હવેલીના સંન્યાસીએ શ્રીજીમહારાજને **શાસ્ત્રાર્થ** કરવા **આમંત્રણ** આપ્યું હતું ત્યારે ભગવાન શ્રીહરિ અહિં પધાર્યા હતા.

## શ્રી મહાલક્ષ્મીજીનું મંદિર




આ મંદિર રાયપુરમાં મહાલક્ષ્મીની પોળના **પ્રવેશદ્વાર**માં આવેલું છે. આ પોળમાં ઘણા સોની જ્ઞાતિના હરિભક્તો નિવાસ કરતા હતા. હાલમાં તેમના **વંશજો** રહે છે અને તેઓ સારો સત્સંગ રાખે છે. શ્રીજીમહારાજ તે હરિભક્તોને ઘરે ઘણીવખત જમવા તથા પધરામણીએ પધારતા ત્યારે આ મંદિરમાં પણ **પધરામણી** કરતા હતા. તેથી આ મંદિર પ્રસાદિનું છે. આ પોળમાં બીજા હરિભક્તોના પણ ઘરો પ્રસાદિના હતા, પરંતુ હાલમાં એક **પ્રભુદાસભાઈ સોનીનું ઘર** પ્રસાદિનું **મોજુદ** છે.



## વિસનગરા નાગરોના શ્રી હાટકેશ્વર મહાદેવ

આ મહાદેવ મંદિર ખાડીયામાં **અમૃતલાલની પોળ સામે** આવેલું છે. આ મંદિર વિસનગરા નાગરોના 'શ્રી હાટકેશ્વર મહાદેવજી' કહેવાય છે. આ મંદિરમાં પણ ભગવાન શ્રીહરિ પધારેલા છે તેથી આ મંદિર પ્રસાદિનું છે.





## કાંકરીયા સરોવર

આ કાંકરીયા સરોવરમાં ભગવાન શ્રીહરિએ સંતો-હરિભક્તો સહિત **અનંતવાર સ્નાન** કર્યું છે તેમજ **જળક્રીડાઓ** પણ કરી છે. શ્રી નરનારાયણાદિ દેવોની **પ્રતિષ્ઠા** કરી ત્યારે બધા સંતો તથા હજારો હરિભક્તોની સાથે શ્રીજીમહારાજે આ સરોવર પાસેની આંબલીઓમાં **દેરા તંબુઓ** નાખી **ઉતારા** કર્યા હતા. પ્રતિષ્ઠા પછી **બ્રાહ્મણોની ચોરાશી** પણ આ સરોવરના કિનારે કરી હતી. જેતલપુરથી પણ ભગવાન શ્રીહરિ આ સરોવરમાં **સ્નાન** કરવા કાઠી દરબારો સાથે પધારતા હતા. તેથી આ સરોવર ઘણું જ **પ્રસાદિનું** અને **ઉત્તમ તીર્થ** છે.

**'જોયું જૈને કાંકરિયું તળાવ, જોયો આંબલિયોનો ઘેરાવ; ભગવાનને તે સ્થળ ભાવ્યું, તહાં ઊતરવાનું ઠરાવ્યું.'**

(શ્રીહરિલીલામૃત : ૮/૨/૪-૫)



## કાંકરીયા સરોવરનું પૂર્વ તરફનું ગરનાળું

ભગવાન શ્રી સ્વામિનારાયણ વન વિચરણ કરતા કરતા **નીલકંઠવર્ણીવેશે** અમદાવાદમાં પધાર્યા હતા ત્યારે આ **કાંકરીયા સરોવર** ઉપર રહ્યા હતા. તેમજ રાજાધિરાજ થયા પછી **સત્સંગ વિચરણ**માં જેટલી વખત અમદાવાદમાં પધાર્યા તેટલી વખત આ સરોવરમાં **સ્નાન** કરી આ ગરનાળા ઉપર બેસી **ઉપદેશ-કથાવાર્તા** તેમજ **દર્શન**થી ભક્તજનોને **તૃપ્ત** કરતા હતા. તેથી આ ગરનાળું પ્રસાદિનું છે. આ ગરનાળું પ્રાણીબાગના દક્ષિણ છેડે આવેલું છે. હાલમાં આ ગરનાળું સરકારના પુરાતત્ત્વ ખાતા તરફથી **'રક્ષિત ઈમારત'** તરીકે જાહેર થયેલું છે.

## કાંકરીયા સરોવરની દક્ષિણ તરફનો વિસામો

કાંકરીયા સરોવરના આ દક્ષિણ તરફના વિસામા ઉપર શ્રીજીમહારાજ ઘણીવખત બેસીને ભક્તજનોને **ઉપદેશ** આપતા હતા. ક્યારેક એકલા પણ બેસી આરામ કરતા તેથી આ વિસામો પણ પ્રસાદિનો છે.



## નગીનવાડી

આ નગીનવાડી કાંકરીયા સરોવરના **મધ્યભાગ**માં આવેલી છે. તેમાં જવા-આવવા માટે સરોવરના દક્ષિણ તરફના કિનારાથી **પાકો રસ્તો** બાંધેલો છે. આ નગીનવાડીમાં સુંદર બંગલો અને આરામગૃહ તથા બેઠકો તેમજ સુંદર બગીચો હતો. હાલમાં પણ છે. પરંતુ તેમાં માછલીઘર બનાવેલું છે. ભગવાન શ્રીહરિ તે બંગલામાં તથા બગીચામાં જઈ એકાંતમાં સ્વસ્વરૂપનું ધ્યાન કરતા અને આરામ કરતા હતા. તેથી આ વાડી **પ્રસાદિભૂત** છે.

## કાંકરીયા સરોવરની આથમણી પાળ

સરોવરની આથમણી પાળે ભગવાન શ્રીહરિ ઘણીવાર સંતો-ભક્તો સાથે ફરવા પધારતા હતા. અહિં આવીને **વિસામો** લેતા હતા તેથી આ આથમણી પાળ પણ પ્રસાદિની છે.





## કાંકરીયાની છત્રી તથા શ્રીહનુમાનજી

આ છત્રી કાંકરીયા સરોવરથી ફૂટબોલ મેદાન જવાના રસ્તેથી આગળ જતા પુષ્પકુંજથી **રામબાગની સામે** મુખ્ય માર્ગ ઉપર આવેલી છે. આ છત્રી **'સ્વામિનારાયણની બેઠક'** અથવા **'પગલાંવાળી જગ્યા'**ના નામે ઓળખાય છે. આ જગ્યાએ જ્યારે ભગવાન શ્રીહરિ શ્રી નરનારાયણાદિ દેવોની પ્રતિષ્ઠા કરી ત્યારે તેઓ જરીયાની તંબુ નંખાવી તેમાં ઉતર્યા હતા. પ્રતિષ્ઠા પછી બ્રાહ્મણોની ચોરાશી કરી ત્યારે પણ આ જગ્યાએ જ **મંચ ઉપર** બિરાજમાન થઈને બધી દેખરેખ રાખતા અને સભા કરીને પણ આ જ જગ્યાએ **બિરાજમાન** થતા હતા. આ જગ્યાની આજુબાજુની જગ્યામાં ફરતા સંતો-હરિભક્તોના **ઉતારા** આંબલીઓ નીચે થયા હતા. આ જગ્યાએ સ.ગુ શ્રી ગોપાળાનંદ સ્વામી અને સ.ગુ. શ્રી બ્રહ્માનંદ સ્વામીએ બાલસ્વરૂપ **શ્રી કષ્ટભંજન દેવ** પધરાવ્યા હતા. ભગવાન શ્રીહરિની આ બધી **લીલાપ્રસંગની સ્મૃતિ** રહે તેવા શુભ આશયથી પ.પૂ. ધ.ધુ. આદિઆચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીએ આ જગ્યા લઈને ત્યાં **છત્રી** કરાવી ભગવાન શ્રીહરિના **ચરણારવિંદ** પધરાવ્યાં છે તેમજ હનુમાનજીની **દેરી** કરાવી છે. આ સ્થાન ઘણું જ **પ્રાસાદિક** અને **મહત્ત્વ**નું છે. અહિં દર વર્ષે કારતક સુદી લાભપાંચમે પ.પૂ. આચાર્ય મહારાજશ્રી તથા સંતો-હરિભક્તો દર્શન કરવા જાય છે અને અહિં ઉત્સવ કરે છે. હાલ આ જગ્યાએ શ્રી નરનારાયણ દેવના તાબાનું વિશાળ **શિખરબધ્ધ મંદિર** છે.

## શ્રી અમૃતલાલ શેઠનું ઘર

વિસનગરા નાગરોના 'શ્રી હાટકેશ્વર મહાદેવજી'ના મંદિરની સામે જ **અમૃતલાલની પોળ** આવેલી છે. આ પોળનું નામ જેના ઉપરથી પડ્યું છે તે શેઠ અમૃતલાલના ઘરે શ્રીજીમહારાજ પધારેલા છે. તેથી આ અમૃતલાલ શેઠનું ઘર પ્રસાદિનું છે.





## રાયપુર દરવાજો

ભગવાન શ્રીહરિ કાંકરીયા સરોવરે **સ્નાન** કરવા પધારતા ત્યારે ઘણીવખત આ રાયપુર દરવાજેથી જતા-આવતાં. અને ક્યારેક આ દરવાજા ઉપર જઈ **થોડીવાર** શહેરના લોકોને **દર્શન દેવા** ત્યાં **બિરાજમાન** થતા હતા. તેથી આ રાયપુર દરવાજો પણ **પ્રસાદિભૂત** છે.

## ચંડોળા તળાવ

આ વિશાળ તળાવ અમદાવાદ શહેરથી દક્ષિણ દિશામાં **નેશનલ હાઈવે ઉપર** આશરે પાંચેક કિલોમીટર દૂર આવેલું છે. ભગવાન શ્રીહરિ જ્યારે જ્યારે અમદાવાદથી **અશલાલી** તથા **જેતલપુર** જતા-આવતા ત્યારે ત્યારે ઘણીવખત આ તળાવમાં સંતો-હરિભક્તો સહિત **સ્નાન** કરવા પધારતા અને આ તળાવના કિનારે વૃક્ષ નીચે બિરાજમાન થતા હતા. તેથી આ તળાવ પણ **પ્રસાદિભૂત** છે.





## આસ્ટોડીયા દરવાજો

ભગવાન શ્રીહરિ જેતલપુરથી **અમદાવાદ** અને અમદાવાદ થી **જેતલપુર** પધારતા ત્યારે ઘણીવખત આ દરવાજેથી શહેરમાં આવતા-જતા હતા. ક્યારેક ક્યારેક આ દરવાજાના ઓટલા ઉપર બિરાજમાન થઈને ભક્તજનોને દર્શન આપતા હતા. તેથી આ દરવાજો પ્રસાદિનો છે.



## સાબરમતી નદી

આ સાબરમતી નદી દરેક યુગમાં **અતિ પવિત્ર** મનાતી આવી છે :- 'कृते कृतवती नाम त्रेतायां गिरिकर्णिका । द्वापरे चन्दना नाम कलौ साभ्रमती स्मृता ।।' - સત્યુગમાં આ નદીનું નામ **કૃતવતી,** ત્રેતાયુગમાં **ગિરિકર્ણિકા,** દ્વાપર યુગમાં **ચંદના** અને કળિયુગમાં **સાભ્રમતી** નામથી પુરાણોમાં સંબોધાયેલી છે. (પદ્મપુરાણ: ૬/૧૩૪/૨૬)

પદ્મપુરાણ ગ્રંથમાં ઉત્તરખંડ (છઠ્ઠોખંડ)ના અધ્યાય ૧૩૧ થી ૧૭૦ સુધીના ૪૦ અધ્યાયોમાં આ સાબરમતી નદીનું માહાત્મ્ય બહુ જ વિસ્તારથી વર્ણવેલ છે. નદીના કિનારે **૫૩ તીર્થો** આવેલા છે. તેમાં **નારાયણઘાટ** અને **દૂધેશ્વર** આ બે તીર્થો મુખ્ય છે. આ નદીનું માહાત્મ્ય કહેતા સ.ગુ. શ્રી ભૂમાનંદ સ્વામી કહે છે :- 'સર્વે તીર્થનું ફળ પામશો રે, નાહી સાબરમતિના નીર...'

આ સાબરગંગામાં સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણે હજારો સંતો-હરિભક્તો સહિત **અગણિત વાર સ્નાન** કરીને **વિશેષ પવિત્ર** બનાવીને **માહાત્મ્ય** વધાર્યું છે. અમદાવાદમાં કરેલ ભગવાન શ્રીહરિએ ફૂલોદોલોત્સવ પછીનું સંતો-હરિભક્તોની સાથેનું સામુદાયિક સ્નાન તો નદીના જળને **કેસરવર્ણા** બનાવતું હતું. જેની નોંધ લેતા શ્રીહરિની અમદાવાદ શોભાનું વર્ણન કરતા પદોમાં સ્વામી ગોપાલદાસજી કહે છે :-

'રંગ ભરેલા લાલજી, જળમાં ઝીલે બળવીર;
રાતા થઈ વહેવા લાગીયા, સાબરમતીના નીર.'

(કીર્તનામૃત, સરધાર મંદિર પ્રકાશન - ૨૦૧૦ : પેજ નં. - ૫૦૫ )

## ભમરીયો કૂવો

'ભમરીયા' નામથી ઓળખાતો આ કૂવો અમદાવાદથી જેતલપુર જતાં **નારોલથી આગળ** મોટા રસ્તા ઉપર આવેલો છે. અહિં શ્રીજીમહારાજે હજામત (વતું) કરાવીને સ્નાન કર્યું હતું. અને તે સિવાય પણ આ કૂવે ઘણીવખત **સ્નાન** કરેલું છે. તેથી આ કૂવો પ્રસાદિનો છે. પરંતુ હાલમાં હાઈવે રોડ પહોળા કરવાથી તે કૂવો ધોરીમાર્ગ ઉપર આવી જવાથી તેને પૂરી લઈ તેના ઉપર રસ્તો કર્યો છે તેથી આ કૂવો દેખાતો નથી.

## ખોખરા મહેમદાવાદ

આ ખોખરા ગામ અમદાવાદ શહેરથી **પૂર્વ** અને **દક્ષિણ** એ બે દિશાઓની **વચ્ચે** આવેલું છે. પહેલા તે અમદાવાદનું **શાખાનગર** ગણાતું હતું. પરંતુ હાલમાં અમદાવાદ શહેર ચારે તરફ વધી જવાથી આ ખોખરા ગામ અમદાવાદ શહેર સાથે ભળી ગયું છે. આ ગામમાં ભગવાન શ્રીહરિ ઘણી જ વખત સંતો-ભક્તો સાથે પધાર્યા છે. આ ગામમાં સત્સંગ સારો હતો તેથી દરેક સત્સંગીઓના ઘરમાં શ્રીજીમહારાજે **પધરામણી** કરીને ઘરોને પવિત્ર કર્યા છે. વૈરાગીઓ સાથે **તોફાન** પણ ઘણા મોટા પ્રમાણમાં આ ગામમાં થયું હતું તે વાત સંપ્રદાયમાં ગ્રંથોમાં **સુપ્રસિદ્ધ** છે. તેથી આ ગામ પ્રસાદિનું છે.





## ખોખરા ગામથી ઊગમણી તરફ છત્રી

આ છત્રી ખોખરા ગામથી ઉગમણી તરફ જ્યાં **હાઉસીંગ બોર્ડ**ના મકાનો છે ત્યાં આવેલી છે. આ સ્થળે પહેલા વિશાળ જગ્યા હતી. તેમાં શ્રીજીમહારાજ જ્યારે પણ ખોખરા પધારતા ત્યારે સભા કરી બિરાજમાન થતા હતા. જ્યારે વૈરાગી બાવાઓ સાથે **લડાઈ** થઈ તે દિવસે ભગવાન શ્રીહરિએ પોતે આ ઠેકાણે પાટ ઉપર બિરાજી થોડીવાર ભક્તજનોને **ઉપદેશ** આપ્યો હતો. પછી શ્રીજીમહારાજે મુક્તાનંદ સ્વામીને તે પાટ ઉપર બેસી કથા કરવાની આજ્ઞા કરી પોતે નથુભટ્ટને ઘેર જમવા પધાર્યા હતા. ત્યારે વૈરાગીઓ શ્રીજીમહારાજ ત્યાં બેઠા છે તેમ માનીને આ જગ્યાએ ભગવાન શ્રીહરિને મારવા માટે આવ્યા હતા. તે જોઈ મુક્તાનંદ સ્વામી સમયસૂચકતા વાપરી ત્યાંથી ભાગી જઈને એક ઘરમાં પેસી ગયા હતા. પછી તે બાવાઓએ નથુભટ્ટને ઘરે શ્રીજીમહારાજ જમતા હતા ત્યાં જઈ તે ઘરને ચારે તરફથી ઘેરી લીધું હતું. પછી ત્યાં લડાઈ થઈ હતી. આ રીતની **પ્રાસાદિક જગ્યા** જાણીને અહિં **છત્રી** કરાવી **ચરણારવિંદ** પધરાવ્યાં છે.

## ખોખરામાં પ.ભ. શ્રી નથુભટ્ટનું ઘર

ખોખરા ગામના આ નથુભટ્ટ શ્રીજીસમકાલીન સારા સત્સંગી હતા. શ્રીજીમહારાજ **ખોખરા** ગામમાં જ્યારે જ્યારે પધારતા ત્યારે ત્યારે નથુભટ્ટના ઘેરે **ઉતારો** કરતા હતા. એકવખત ભગવાન શ્રીહરિ નથુભટ્ટના ઘેર જમવા બિરાજમાન થયા હતા ત્યારે હજારોની સંખ્યામાં વૈરાગીઓ ભગવાન શ્રીહરિને મારવા માટે આવેલા ત્યારે શ્રીજીમહારાજના પાર્ષદોએ ભગવાન શ્રીહરિની આજ્ઞા મુજબ ગામના મુખીની રજાથી તે બાવાઓ સાથે **લડાઈ** કરી હતી. આ ઘર શ્રીજીમહારાજનું પ્રસાદિનું છે તેથી તેની સ્મૃતિ રહે તે માટે **છત્રી** કરાવી **ચરણારવિંદ** પધરાવ્યા છે.



## જમાલપુર દરવાજો

સદ્‌ગુરુવર્ય શ્રી રામાનંદ સ્વામીના ધામમાં ગયા પછી રામદાસ સ્વામીના પત્રથી રઘુનાથદાસની ઉપાધિ શમાવવા માટે જ્યારે ભગવાન શ્રીહરિ અમદાવાદ પધાર્યા હતા ત્યારે આ દરવાજેથી અમદાવાદ શહેરમાં આવ્યા હતા તેથી આ દરવાજો પ્રસાદિનો છે.





## ભદ્રમાં પેશ્વાઈ મહેલ (તેલનું ટાંકું)

આ તેલનું ટાંકું ભદ્રમાં **પેશ્વાઈ મહેલમાં** આવેલું છે. આ મહેલમાં પેશ્વાના સૂબા વિઠુબા ભાઉએ ભગવાન શ્રીહરિના વિરોધીઓની ઉશ્કેરણીથી શ્રીજીમહારાજને આ મહેલમાં બોલાવી મારી નાખવા માટે આ તેલના ટાંકા ઉપર **કપટઆસન** કરી બેસાડવા પ્રયાસ કર્યો હતો. પરંતુ ભગવાન શ્રીહરિ તેના ઉપર ન બેઠા અને સર્વાંતર્યામીએ સૂબાનું કપટ ઉઘાડું પાડ્યું હતું. આ મહેલમાં ચીમનરાવજી અને અંગ્રેજ અમલદારોએ પણ પહેલા શ્રીજીમહારાજની પધરામણી કરાવીને સત્કાર-પૂજન કર્યું છે. તેથી આ મહેલ અને તેલનું ટાંકું પ્રસાદિનું છે. હાલમાં આ ટાંકું સરકારે **સીલ** કરી દીધું છે તેથી જોવા મળતું નથી. આ મહેલમાં હાલ **સરકારી ઓફિસો** છે. આ આખો મહેલ **'આઝમખાનના મહેલ'** તરીકે ઓળખાય છે.



## શ્રી ગૌરીશંકર મહાદેવ

આ શ્રી ગૌરીશંકર મહાદેવજીનું મંદિર પાનકોરના નાકેથી ઉત્તર તરફ જૂની સિવિલવાળી લાઈનમાં જતા આગળ ગોલાની (ઘાંચીની) વાડીમાં આવેલું છે. ભગવાન શ્રીહરિ આ મંદિરમાં શિવજીના દર્શન કરવા પધાર્યા હતા તેથી આ મહાદેવજી અને વાડી બંને પ્રસાદિના છે.



## ત્રણ દરવાજા

શ્રીજીમહારાજ જેટલી વખત ભદ્રના મહેલમાં પધારતા તેટલી વખત આ દરવાજેથી પધારતા હતા. ક્યારેક આ દરવાજા ઉપર પણ જઈને નીચે ઊભેલા ભક્તોને દર્શન આપતા હતા.

## શ્રી શ્વેતકૃષ્ણનું મંદિર

ભગવાન શ્રી શ્વેતકૃષ્ણનું આ મંદિર ભદ્રની પાછળ થઈ **કોંગ્રેસ હાઉસ** આગળ થઈ ગણેશ બારીના આરે જતા રસ્તામાં દક્ષિણીઓના મહોલ્લામાં આવેલું છે. ભગવાન શ્રીહરિ આ મંદિરમાં **બે-ત્રણ વખત** પધારીને અહિંના અંધપૂજારી પુષ્કરદાસજીને શ્રીજીમહારાજે **કૃપાદૃષ્ટિ** કરી દેખતા કર્યા હતા. તેથી આ પૂજારી શ્રી નરનારાયણ દેવનું મંદિર થયા પહેલા શ્રીજીમહારાજ જ્યારે અમદાવાદ પધારતા ત્યારે હંમેશા **બે વખત દર્શન** કરવા પધારતા હતા. અને જ્યારે શ્રી નરનારાયણ દેવનું મંદિર થયું ત્યારે રોજ બે વખત દર્શન કરવા આવતા હતા. આ નિયમ તેઓ જીવ્યા ત્યાં સુધી તેમણે રાખ્યો હતો.





## ગણેશબારીનો આરો

આ ગણેશબારીનો આરો સાબરમતી નદીના કિનારે **એલીસબ્રીજ** પાસે આવેલો છે. ભદ્રની પાછળ થઈ કોંગ્રેસ હાઉસ આગળ થઈ શ્રી શ્વેતકૃષ્ણના મંદિર પાસેથી ત્યાં જવાય છે. આ આરે ભગવાન શ્રીહરિ સંતો-હરિભક્તો સહિત ઘણીવાર સ્નાન કરવા પધારતા હતા. તેથી આ આરો ઘણો જ પ્રસાદિનો છે. અહિં ગણેશજીનું મંદિર આવેલું છે.





## ખાનપુર દરવાજો તથા આરો

આ દરવાજે સાબરમતી નદીનો **ખાનપુરનો આરો** આવેલો છે. આ આરે ભગવાન શ્રીહરિ ઘણી વખત **સ્નાન** કરવા પધારતા ત્યારે આ દરવાજે થઈને જતા હતા. તેથી આ આરો તથા દરવાજો બંને પ્રસાદિના છે.



## સપ્તર્ષિનો આરો

આ સપ્તર્ષિનો આરો **સરદાર પુલની પાસે** સાબરમતી નદીના કિનારે આવેલો છે. શ્રીજીમહારાજ ઘણીવખત આ આરે તથા નદીના કિનારે સ્નાન કરવા પધાર્યા છે તેથી આ આરો અને નદીનો દક્ષિણ તરફનો કાંઠો - આ બંને પ્રસાદિના છે.



## દરિયાપુર દરવાજો

આ દરવાજો અમદાવાદ શહેરથી ઉત્તર તરફ આવેલો છે. શ્રીજીમહારાજ આ દરવાજેથી ઘણીવખત નારાયણ ઘાટે પધારતા હતા. તેમજ દરિયાપુરમાં રહેતા હરિભક્તોના ઘેર પણ પધારતા હતા તેથી આ દરવાજો અને દરિયાપુર વિસ્તાર પણ પ્રાસાદિક ગણાય છે.



## દિલ્હી દરવાજો

આ દરવાજો પણ અમદાવાદ શહેરથી ઉત્તર દિશામાં આવેલો છે. ભગવાન શ્રીહરિ નારાયણ ઘાટે તથા દૂધેશ્વરના આરે તથા બીજા સ્થળોએ આ દરવાજેથી પધારતા હતા. તેથી આ દરવાજો પ્રસાદિનો છે.

## પ.ભ. શ્રી મોહનલાલ શેઠનું ઘર

શ્રીજીસમકાલીન પ.ભ. શ્રી મોહનલાલ શેઠનું આ ઘર **ઘી-કાંટા પંચભાઈની પોળમાં** રસ્તા ઉપર આવેલું છે. મોહનલાલ શેઠ પહેલા **વૈષ્ણવ ધર્મ** પાળતા હતા. પરંતુ સત્સંગીઓના સમાગમથી તેમજ ભગવાન શ્રીહરિના **ઐશ્વર્ય-પ્રતાપ** જોઈને તેમને સત્સંગનો સારો **રંગ** લાગ્યો હતો. તેથી તેમના ઘેરે પોતાના દીકરાના **લગ્ન પ્રસંગે** આશીર્વાદ આપવા શ્રીજીમહારાજને ખૂબ ભાવથી લગ્નમંડપમાં તથા પોતાના ઘરમાં પધરાવી પૂજા-આરતી કરી ભેટ મૂકીને શ્રીજીમહારાજને રાજી કર્યા હતા. ભગવાન શ્રીહરિએ પણ દીકરાને પ્રસાદીનો હાર પહેરાવી **આશીર્વાદ** આપ્યા હતા. તેથી આ ઘર પ્રસાદિનું છે.





## પ.ભ. શ્રી અંબારામ વૈદ્યનું ઘર

આ વૈદ્ય શ્રીજીમહારાજના **સારા સત્સંગી** હતા. તેઓનું સાચું નામ **અમીચંદદાસ** હતું. તેઓ જ્ઞાતિએ કડવા પટેલ હતા. તેઓએ ભગવાન શ્રીહરિને ઘણીવખત પધરાવી પૂજા કરી છે. અને એકવખત ભગવાન શ્રીહરિએ તેમના ઘેર ઉતારો કરીને એક રાત્રિ **રોકાણ** કર્યું હતું. તેથી આ ઘર પ્રસાદિનું છે. આ ઘર દરિયાપુરના રૂપાપરીમાં કડીયાવાળા ખાંચામાં આવેલું છે અને તે ઘરમાં તેમના **વંશજો** રહીને **સારો સત્સંગ** રાખે છે.



## પ.ભ. શ્રી દામોદર પટેલનું ઘર

શ્રીજીસમકાલીન અમદાવાદ શહેરના આગેવાન સત્સંગીઓમાં દામોદર પટેલનું નામ મોખરે હતું. ભગવાન શ્રીહરિ તેઓના ઘેર ઘણીવખત પધરામણી કરીને થાળ જમ્યા છે. દામોદર પટેલ શ્રીજીમહારાજ અને દેવની છડીદાર તરીકેની સેવા બજાવતા હતા. હાલમાં તેમની વંશપરંપરામાં પણ દેવની સમીપમાં અને પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી આગળ છડી લઈને ઊભા રહેવાનો તેમનો રિવાજ આજપર્યંત જાળવી રાખ્યો છે. તેઓનું આ ઘર દરિયાપુરમાં નાની સાલેપરીમાં આવેલું છે. તે જૂનું ઘર હજી જેમનું તેમજ છે તેથી તે દર્શનીય છે. આ ઘરે શ્રીજીમહારાજની પ્રસાદિની વસ્તુઓના પણ દર્શન થાય છે.

## પ.ભ. શ્રી કુબેરસિંહ છડીદારનું ઘર

કુબેરસિંહ છડીદાર શ્રીજીમહારાજના સારા ભક્ત હતા. તેમનું નામ સત્સંગમાં ઘણું જ જાણીતું છે. તેઓએ શ્રી નરનારાયણ દેવના મંદિરની જગ્યા લેવા બાબતમાં સારો ભાગ લીધો હતો. તેઓએ પોતાના ઘરે શ્રીજીમહારાજને ઘણીવખત પધરાવી પૂજા કરી થાળ જમાડીને સારો લાભ લીધો હતો. તેથી આ ઘર પણ અતિ પ્રસાદિનું છે.





## પ.ભ. શ્રી નરભેરામ શાસ્ત્રીનું ઘર

આ નરભેરામ શાસ્ત્રી સરકારી શાસ્ત્રી હતા. તેથી રાજ્યમાં તેમનું માન સારું હતું. તેઓ અયાચિતવૃત્તિવાળા પવિત્ર બ્રાહ્મણ હતા. ભગવાન શ્રીહરિના સંબંધમાં આવવાથી તેઓ સારા સત્સંગી થયા હતા. તેમણે પોતાને ઘેર ભગવાન શ્રીહરિની પધરામણી કરાવી સેવા-પૂજા કરી શ્રીજીમહારાજને રાજી કર્યા હતા. તેથી આ ઘર પ્રસાદિનું છે.

## પ.ભ. શ્રી પ્રાણનાથ શુકલનું ઘર

આ પ્રાણનાથ શુકલ રાજ્યમાં સારા પ્રતિષ્ઠિત શાસ્ત્રી હતા. તેથી રાજ્ય દરબારમાં તેમનો માન મરતબો સારો હતો. સૂબા પણ તેમને કાંઈ કહી શકતા નહિ. તેઓને પણ ભગવાન શ્રીહરિનો સમાગમ થતાં સારા સત્સંગી બન્યા હતા. વિઠુબા સુબાએ જ્યારે શ્રીજીમહારાજને ભદ્રમાં બોલાવી તેલના ટાંકામાં નાખી મારી નાંખવાનો પ્રયત્ન કર્યો હતો ત્યારે ભગવાન શ્રીહરિ આ પ્રાણનાથ શુકલના ઘરે ઉતર્યા હતા. અને અહિં એક રાત્રિ નિવાસ કર્યો હતો. તે સિવાય શ્રીજીમહારાજે બે-ત્રણ વખત અહિં પધરામણી કરી હતી. તેથી આ ઘર પ્રસાદિનું છે.



# નારાયણઘાટ



આ ઘાટ શહેરથી ઉત્તરે સાબરમતી નદી ઉપર **સુભાષબ્રીજ**ના શહેરના તરફના છેડે પૂર્વ દિશાના કિનારે આવેલો છે. દિલ્હી દરવાજે થઈ ત્યાં જવાય છે. આ સ્થળ અત્યંત રમણીય છે. આદિસત્યુગમાં આ ઘાટે **ધર્મ-ભક્તિએ** ઘણા વર્ષો પર્યંત **તપ** કર્યું હતું. તેથી ભગવાને પ્રસન્ન થઈ તેમને પોતાના **દર્શન** આપી **વરદાન** માગવા કહ્યું ત્યારે તેમણે માગ્યું કે, હે પ્રભો ! આપના જેવો **પુત્ર** આપો. ત્યારે પ્રભુએ તે વરદાન આપ્યું. પછી સમય જતાં ભગવાન શ્રીહરિ ધર્મ-ભક્તિ થકી નર, નારાયણ, હરિ, હરિકૃષ્ણ એ ચાર સ્વરૂપે આ જગ્યાએ પ્રગટ થયા હતા તેથી આ **નારાયણઘાટ** ભગવાનનું જન્મસ્થાન હોવાથી અત્યંત **પવિત્ર** અને **પ્રાચીન તીર્થ** છે.



સર્વાવતારી **ભગવાન શ્રી સ્વામિનારાયણ** જ્યારે પણ અમદાવાદ પધારતા ત્યારે આ ઘાટે અચૂક સંતો-હરિભક્તો સાથે સ્નાન કરવા પધારતા હતા તેથી આ ઘાટ વધારે **પવિત્ર** અને **ઉત્તમ** તીર્થ છે. આ ઘાટે સૌપ્રથમ નારાયણ ભગવાને સ્નાન કર્યું હતું અને ત્યારબાદ ભગવાન શ્રી સ્વામિનારાયણે સ્નાન કર્યું હતું તેથી આ ઘાટનું નામ **'નારાયણઘાટ'** પડ્યું છે. આ સ્થાને શ્રીજીમહારાજની લીલાની સ્મૃતિ રહે તે માટે પહેલા હરિમંદિરનું નિર્માણ થયું હતું ત્યારબાદ શ્રી નરનારાયણ દેવના તાબાનું **ભવ્ય શિખરબધ્ધ મંદિર** થયું છે. અહિં અમદાવાદ દેશ ગાદીસ્થાનના પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીઓના પંચભૌતિક દેહનો અગ્નિસંસ્કાર કરવામાં આવે છે.

આ નારાયણઘાટ સુંદર **કલાત્મક પથ્થરો**થી બાંધેલો છે. ઘાટની ઉપર બે તરફ બે દેરીઓ છે તેમાં એક દેરીમાં હનુમાનજીની મૂર્તિ છે. હાલમાં તે દેરીની જગ્યાએ એક શિખરનું સુંદર **મંદિર** શોભી રહ્યું છે. બીજી દેરીમાં ગણપતિજી તેમજ મહાદેવજી બિરાજમાન છે. આ તીર્થસ્થળનું **વિશેષ માહાત્મ્ય** સંપ્રદાયના ગ્રંથોમાં વાંચવાથી જાણવા મળશે.





## હઠીસિંહના દહેરા

આ જૈન દેરાસરો દિલ્હી દરવાજા બહાર **નારાયણ ઘાટે જતા** રસ્તામાં જમણા હાથ ઉપર આવેલા છે. આ દેરાસરો અમદાવાદના નગરશેઠ હિમાભાઈ હઠીસીંગે બંધાવ્યા છે. તેથી આ દેરાસરોનું નામ **'હઠીસીંગના દહેરા'** એવું પડ્યું છે. આ દહેરા અમદાવાદ શહેરના **જોવાલાયક સ્થળો**માં ગણાય છે. હિમાભાઈ શેઠ એકવખત ભગવાન શ્રીહરિને આ દહેરા જોવા લઈ ગયા હતા અને શ્રીજીમહારાજ આ દહેરામાં બધે ફર્યા હતા. તેથી આ દહેરા પ્રસાદિના છે.

## દરીયાખાનનો ઘુમ્મટ

આ ઘુમ્મટ બાદશાહી વખતનો છે. તેમાં દરીયાખાન નામના બાદશાહની **કબર** છે. નારાયણ ઘાટે જતા રસ્તામાં ડાબા હાથ ઉપર પોલીસ હેડ કવાર્ટર્સની બાજુમા આ **ઘુમ્મટ** આવેલો છે. સંતો માટે અમદાવાદ શહેરમાં ક્યાંય ઉતરવાનું સ્થળ નહોતું ત્યારે આ ઘુમ્મટમાં ઉતારો કરતા હતા. એકવખત મુક્તાનંદ સ્વામી આદિક સંતો આ ઘુમ્મટમાં થોડા દિવસો રોકાયા હતા. અને દરીયાખાનના અનુયાયી **હજારો ભૂતો**નો **મોક્ષ** કર્યો હતો. ભગવાન શ્રીહરિ પણ આ ઘુમ્મટમાં **એકવાર** પધાર્યા હતા. તેથી આ ઘુમ્મટ પ્રસાદિનો છે.





## મોતી શાહીબાગ મહેલ

આ મોતી શાહીબાગ મહેલ અમદાવાદ શહેરથી ઉત્તર તરફ પાદશાહ વાડીમાં **નારાયણઘાટ** અને **ભીમનાથ મહાદેવ**ની વચ્ચે રેલ્વે પુલ પાસે **સાબરમતીના કિનારે** આવેલો છે. આ મહેલ શાહજહાં બાદશાહે બંધાવેલો છે. પેશ્વા રાજ્યના વખતમાં ચીમનરાવજીના આમંત્રણથી ભગવાન શ્રીહરિ આ મહેલમાં એકવખત પધાર્યા હતા. ત્યારબાદ અંગ્રેજ સાહેબો **ડનલોપ** તથા **એરણસાહેબ**ના આમંત્રણથી **શ્રીજીમહારાજ** આ મહેલમાં **બે-ત્રણ વખત** પધાર્યા છે. આ મહેલની પાછળના ભાગમાં નદીમાં **ઘાટ** બાંધેલો છે તેમાં ભગવાન શ્રીહરિએ **સ્નાન** કરેલું છે તેમજ બગીચામાં પણ ખૂબ ફરેલા છે તેથી આ આખો મહેલ તથા ઘાટ અને બગીચો વગેરે તમામ પ્રસાદિના છે. હાલમાં આ મહેલનો ઉપયોગ **સરદાર વલ્લભભાઈ ટ્રસ્ટ** કરે છે.



## અંધારીવાડી

આ અંધારીવાડી મોતીશાહી મહેલ અને નારાયણઘાટની વચ્ચે **નદીના કિનારા પાસે** આવેલી હતી. હાલમાં આ વાડીની જગ્યાએ મોટા આલીશાન બંગલાઓ થઈ ગયા છે તેથી આ વાડીનો **બગીચો** દેખાતો નથી. અમદાવાદમાં ભગવાન શ્રીહરિ જ્યારે ત્રણ-ચાર દિવસ આનંદાનંદ સ્વામીની સાથે છાના રહ્યા હતા ત્યારે આ વાડીમાં તથા નારાયણઘાટે રહ્યા હતા. તેમજ શ્રી નરનારાયણાદિ દેવોની પ્રતિષ્ઠા કરી ત્યારે શ્રીજીમહારાજે બધા સંઘોને ઉતરવા માટે પ્રથમ આ વાડીની પસંદગી કરી હતી. પરંતુ હજારો ભક્તોથી આ વાડીની સૌંદર્યતાને નુકશાન થાય તેમ લાગવાથી ભગવાન શ્રીહરિએ આ વાડીમાં ઉતારો ન કરવાનું વિચાર્યું હતું.

**'જોયો ઉત્તરમાં શાહિબાગ, નવ દીઠો ઉતરવાનો લાગ;**
**ત્યાંથી જૈ જોઈ વાડી અંધારી, જગ્યા તે પણ જાણી ન સારી.'**

(શ્રીહરિલીલામૃત : ૮/૨/૨)

## રેલવેપુલની નીચે શ્રી મહાદેવજી

આ મહાદેવનું નાનું મંદિર નારાયણઘાટ અને મોતીશાહી મહેલની વચ્ચે **સાબરમતી નદી ઉપર** જે રેલ્વેનો પુલ છે તેની નીચે નદીના ઉપર **નીચાણવાળા ભાગમાં** આવેલું છે. અમદાવાદમાં ભગવાન શ્રીહરિ જ્યારે ત્રણ-ચાર દિવસ આનંદાનંદ સ્વામીની સાથે છાના રહ્યા હતા ત્યારે આ મંદિરમાં આવીને બેસતા હતા. તેથી મંદિર પ્રસાદિનું છે.





## દૂધેશ્વરનો આરો

આ આરો શહેરથી ઉત્તર અને પશ્ચિમ દિશાઓની વચ્ચે **સાબરમતી નદીના કિનારે** આવેલો છે. દિલ્હી દરવાજેથી ત્યાં જવાય છે. આ આરે સત્યુગમાં જેમણે વૃત્રાસુરને હણવા માટે ઈન્દ્રને પોતાના અસ્થિનું બલિદાન કરનાર પુરાણ પ્રસિદ્ધ મહાત્મા **દધિચી** નામના ઋષિએ પોતાનો આશ્રમ બાંધી ઘણા વર્ષો સુધી **તપશ્ચર્યા** કરી હતી તેથી આ સ્થાન **પ્રાચીન તીર્થ** ગણાય છે. આજથી બસો વર્ષ પહેલા અહિં જંગલ જેવું હતું. શ્રીજીમહારાજ આ સ્થાને ઘણીવખત જઈ સ્નાન કરી દૂધેશ્વર મહાદેવના દર્શન કરતા અને દધિચી ઋષિએ દેવતાઓ તથા પ્રજા માટે આપેલા **આત્મસમર્પણ**ની ખૂબ **પ્રશંસા** કરતા અને પોતાના ભક્તોને તે પ્રમાણે **પરોપકાર** કરવાનો ઉપદેશ આપતા હતા. તેથી આરો વિશેષ પવિત્ર અને ઉત્તમ તીર્થ બન્યો છે. હાલમાં આ આરે સ્મશાનગૃહ અને અમદાવાદ શહેરનો પાણીપુરવઠો પૂરો પાડવા માટેનું **વોટરવર્ક્સ** આવેલું છે.

**'જગ્યા જોઈ દૂધેશ્વર પાસે, જહાં આંબલીયો ઘણી ભાસે;**
**પછી સ્વારસહિત મહારાજે, જઈ ઈડરિયે દરવાજે.'**

(શ્રીહરિલીલામૃત : ૮/૨/૩)

## શ્રી ભીમનાથ મહાદેવ

આ ભીમનાથ મહાદેવજી અમદાવાદ શહેરમાં ખૂબ જાણીતા છે. શહેરથી ઉત્તર તરફ **નદીના કિનારે** પાદશાહવાડીમાં **મોતીશાહી મહેલ પાસે** આ શિવાલય આવેલું છે. શ્રીજીમહારાજ ઘણીવખત આ શિવાલયના દર્શન કરવા પધારતા અને મહાદેવજીના મંદિરનો નદીમાં બાંધેલો **ઘાટ** છે ત્યાં **સ્નાન** પણ કરતા હતા. તેથી આ ભીમનાથ મહાદેવજી અને ઘાટ બંને પ્રસાદિના છે.



## મોટેરા ગામ

આ **મોટેરા** ગામ અમદાવાદ શહેરથી ઉત્તર તરફ સાબરમતી નદીના સામે કિનારે આવેલું **જૂનું ગામ** છે. નારાયણઘાટ પાસેના નદીના પુલ ઉપર થઈ અથવા સુભાષબ્રીજ ઉપર થઈ સાબરમતી થઈ પાવરહાઉસ આગળ થઈ આ ગામમાં જવાય છે. આ ગામ આખું **સત્સંગી** હતું. (હાલમાં પણ સત્સંગી છે.) તેથી ભગવાન શ્રીહરિ આ ગામમાં ઘણીજ વખત પધારતા હતા. હાલમાં ગામમાં હરિમંદિર છે તે શ્રીજીસમકાલીન હરિભક્તોએ બંધાવેલું છે. શ્રીજીમહારાજ તે મંદિરમાં ઉતરતા અને લીંબડાના વૃક્ષ નીચે સભા કરી બિરાજમાન થતા હતા. આ ગામ, મંદિર અને હરિભક્તોના ઘરો **પ્રસાદિભૂત** છે.




## મોટેરા ગામના શ્રી કોટેશ્વર મહાદેવ

આ શ્રી કોટેશ્વર મહાદેવજીનું શિવાલય મોટેરા ગામની ભાગોળે **સાબરમતી નદીના કિનારે** આવેલું છે. નદીમાં **ઘાટ** બાંધેલો છે. શ્રીજીમહારાજ જ્યારે પણ મોટેરા ગામ પધારતા ત્યારે આ ઘાટે **સ્નાન** અને **જળક્રીડા** કરીને મહાદેવજીના દર્શન કરી આ શિવાલયમાં તથા ઘાટે બિરાજમાન થતા હતા. તેથી આ શિવાલય અને ઘાટ પ્રસાદિના છે. હાલમાં આ શિવાલયને સ્થાને વિશાળ **શિખરબધ્ધ મંદિર** થયું છે.



## કાલુપુર દરવાજો

આ દરવાજેથી ભગવાન શ્રીહરિ **સરસપુર** અને **વહેલાલ** વગેરે ગામોમાં પધારતા હતા. તેથી આ દરવાજો પણ પ્રસાદિનો છે.



## શાહ આલમના રોજા પાસે વડનું વૃક્ષ

આ વડ નીચે ભગવાન શ્રીહરિ ઘણીવખત **સભા** કરી બિરાજમાન થયા હતા. હાલમાં આ વડ પડી ગયો છે. પરંતુ આ જગ્યા પ્રસાદિભૂત છે.











## કાલુપુર રેલ્વે સ્ટેશનમાં શ્રી મહાદેવજી

આ મહાદેવજી સરસપુર જવાના પુલ ઉપરથી જતા જમણી તરફ ઉતરીએ એટલે નજીકમાં જ તેમજ કાલુપુર દરવાજેથી સીધા આગળ જતા **રેલ્વે યાર્ડ**માં આવેલું છે. આ જગ્યાએ પહેલા રેલ્વે સ્ટેશન નહોતું ત્યારે અહિં **કાચો રસ્તો** હતો ત્યાંથી શ્રીજીમહારાજ આગળ ગામડાઓમાં **સત્સંગ વિચરણ અર્થે** જતા ત્યારે રસ્તામાં આ શિવાલય આવતું તેથી ભગવાન શ્રીહરિ તેમાં દર્શન કરવા પધારતા હતા. તેથી આ **મહાદેવજી** પ્રસાદિના છે.

## પખાલીની પોળના નાકે શ્રી હનુમાનજીનું મંદિર

આ મંદિરમાં ભગવાન શ્રીહરિ ઘણીવખત પધારેલા છે. તેથી આ હનુમાનજી અને મંદિર પ્રસાદિના છે.

## પંચમુખી શ્રી હનુમાનજી

આ પંચમુખી શ્રી હનુમાનજી પંડિતજીની પોળના નાકે આવેલું છે. શ્રીજીમહારાજ આ મંદિરમાં ઘણીવખત પધારેલા છે. તેથી આ હનુમાનજી અને મંદિર પ્રસાદિના છે.

## શ્રી નૃસિંહજીનું મંદિર

આ મંદિર સારંગપુર દરવાજે આવેલું છે. ભગવાન શ્રીહરિ અહિં ઘણીવખત પધારેલા છે તેથી આ મંદિર પ્રસાદિનું છે.

## શ્રી નીલકંઠ મહાદેવજીનું મંદિર

આ (નીલકંઠ અખાડો - અસારવા) મંદિર શ્રીજીમહારાજની આજ્ઞાથી શેઠ બેચરભાઈ મણકીવાળાએ બંધાવેલું છે. ભગવાન શ્રીહરિ આ મંદિર બંધાતું હતું ત્યારે તેમજ ત્યારપછી પણ અહિં પધારેલા છે. તેથી આ મંદિર ઘણુંજ **પ્રસાદિભૂત** છે.

## શ્રી બાપાલાલભાઈ પંડિતનું ઘર

આ બાપાલાલભાઈ પંડિતનું ઘર સાંકડી શેરીમાં આવેલું છે. ભગવાન શ્રીહરિની **પધરામણી** બાપાલાલભાઈએ પોતાને ઘેર **યજ્ઞ પ્રસંગે** કરાવી હતી. તેથી આ ઘર પ્રસાદિનું છે. હાલમાં અહિં તેમના **વંશજો** રહે છે.






સ.ગુ. શ્રી **નિષ્કુળાનંદ સ્વામી** લખે છે :-

**'વળી અમારા અંગનું અંબર રે, બહુ સ્પરશેલ સારુ સુંદર રે; એહ પ્રસાદિનું જેહ પટ રે, મળે ટળે સર્વે સંકટ રે.**
**એહ અનુપમ અતિ રે, થાય પૂજતા પરમ પ્રાપતિ રે; અતિ મહાત્મ્ય એનું અતુલ્યે રે, કહો ક્યાંથી મળે એ મૂલ્યે રે.'**

(પુરુષોત્તમ પ્રકાશ : ૪૭/૧૪-૧૫)

ઉપરોક્ત પંક્તિઓને **સાર્થક** કરવા અમદાવાદ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી નિવત્ત આચાર્ય **શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી** (પ.પૂ. મોટા મહારાજશ્રી)એ **દિવ્ય સંકલ્પ** કર્યો કે, બધા જ ભક્તોને દર્શનની સુલભતા માટે ભગવાન શ્રીહરિની પ્રસાદિભૂત વસ્તુઓનું એક **સંગ્રહસ્થાન** સુંદર તૈયાર કરાવવું. અને તે સંકલ્પને સંપ્રદાયના દેશ-વિદેશમાં વસતા સૌ સંતો-હરિભક્તોએ **ઉત્સાહપૂર્વક** પૂર્ણ કર્યો અને સુંદર **'શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ'** નારણપુરા - અમદાવાદ ખાતે તૈયાર થયું. જેને તા. ૮-૩-૨૦૧૧ના રોજ શ્રી નરનારાયણ દેવના વાર્ષિક પાટોત્સવ પ્રસંગે **સત્સંગાર્પણ** કરવામાં આવ્યું. આ મ્યુઝિયમમાં અનેક ખંડોમાં શ્રીજીમહારાજના સંબંધમાં સ્પર્શ-સંબંધમાં આવેલ અલૌકિક-અમૂલ્ય વસ્તુઓ **દર્શનાર્થે** મુકવામાં આવેલ છે. જેનો દરેક આશ્રિતજનો લાભ લઈ દીર્ઘકાળ પર્યંત ભગવાન શ્રીહરિના વચનો પ્રમાણે 'આત્યંતિક કલ્યાણના અધિકારી બની રહે' એજ આ **મ્યુઝિયમ**ની મહત્ત્વપૂર્ણ **રચના**નો **અતિશુભ** અને **પરમ ઉદ્દેશ** છે.





# અમદાવાદમાં ભગવાન શ્રીહરિના જીવન-કાર્યની કુમકુમવર્ણી તિથિ



શ્રી સત્સંગિજીવન, શ્રીહરિચરિત્રામૃતસાગર, ભક્તચિંતામણી, શ્રીહરિલીલામૃત, શ્રીહરિદિગ્વિજય, શ્રીહરિકૃષ્ણલીલામૃત અને અમદાવાદમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ આદિક સાંપ્રદાયિક ગ્રંથોના આધારે અહિં ભગવાન શ્રી સ્વામિનારાયણના અ. સં. ૧૮૫૫ થી અ. સં. ૧૮૮૬ સુધીના સાલવાર અમદાવાદમાં સત્સંગ વિચરણના પ્રસંગોની તિથિ આપવાનો નિર્મળ પ્રયાસ કરવામાં આવ્યો છે.

**૧. અ. સં. ૧૮૫૫ ચૈત્ર વદ (ઈ.સ. ૧૭૯૯)**

- સૌપ્રથમ ભગવાન શ્રી સ્વામિનારાયણ નીલકંઠવર્ણી વેશે વન વિચરણ કરતા કરતા અમદાવાદમાં કાંકરીયા સરોવરે પધાર્યા હતા.

**૨. અ. સં. ૧૮૫૯ મહા સુદ (ઈ.સ. ૧૮૦૩)**

- અમદાવાદમાં રઘુનાથદાસે કરેલ ઉપાધિને ટાળવા ભાઈ રામદાસજીના પત્રથી ભગવાન શ્રીહરિ અમદાવાદ પધારી રઘુનાથદાસને વિમુખ કર્યો.

**૩. અ. સં. ૧૮૬૦ જેઠ સુદ (ઈ.સ. ૧૮૦૩)**

- ભગવાન શ્રીહરિ કચ્છ-ભુજમાં રઘુનાથનો પરાભવ કરી તેને ત્યાંથી ભગાડી તેણે કરેલા ઉપદ્રવને શાંત કરી, કચ્છ, વાગડ, ઝાલાવડ, વિસનગર-વડનગર, ડભાણ, જેતલપુર અને અશલાલી વગેરે ગામોમાં વિચરણ કરી અમદાવાદ પધાર્યા હતા. અહિં અંબાબાના મંદિરમાં રઘુનાથદાસનો મેળાપ થયો હતો.

**૪. અ. સં. ૧૮૬૦, જેઠ સુદ (ઈ.સ. ૧૮૦૪)**

- શ્રીજીમહારાજ રઘુનાથદાસે કરેલ ઉપાધિનું નિવારણ કરીને જેતલપુરના સત્સંગીઓને સુખ આપીને થોડા દિવસ રોકાયને ફરીને પાછા અમદાવાદ પધાર્યા.

**૫. અ. સં. ૧૮૬૨ અષાઢ માસ (ઈ.સ. ૧૮૦૫)**

- શ્રીજીમહારાજ સત્સંગ વિચરણ કરતા ભક્તજનોને સદુપદેશ આપતા અષાઢ માસમાં અમદાવાદ પધારીને શ્રાવણ માસમાં જન્માષ્ટમી ઉત્સવ કરીને જન્માષ્ટમી વ્રતનો નિર્ણયવિધિ યથાશાસ્ત્ર બતાવી હતી.

**૬. અ. સં. ૧૮૬૨ ફાગણ માસ (ઈ.સ. ૧૮૦૬)**

- ભગવાન શ્રીહરિ અમદાવાદમાં પંદર દિવસ સુધી રોકાયા હતા. કે દરમ્યાન વિમુખ રઘુનાથદાસના અભિમાનવાળા અવળા ઉપદેશથી દોરવાઈ જઈ કેટલાલ નાગરો મોક્ષનો માર્ગ ભૂલ્યા હતા તેને સમજાવ્યા, સૂબાએ ભગવાન શ્રીહરિનું સન્માન કર્યું, નગરશેઠ હિમાભાઈએ પોતાના ઘેર શ્રીજીમહારાજની પધરામણી કરાવીને પૂજા કરી, સત્સંગી હીરાચંદભાઈ ચોકસી અને નથુભટ્ટને ઘેર ઘણા દિવસો રહ્યા હતા. આ દરમ્યાન શ્રીજીમહારાજે શ્રી નરનારાયણ જયંતિનો ફૂલદોલોત્સવ ઉજવ્યો હતો.

**૭. અ. સં. ૧૮૬૩ અષાઢ માસ (ઈ.સ. ૧૮૦૬)**

- ભગવાન શ્રીહરિ ગઢપુરમાં નિયમની એકાદશીનો ઉત્સવ કરી, ઉત્તર ગુજરાત, મછીયાવ, વહેલાલ વગેરે ગામોમાં વિચરણ કરી અમદાવાદ પધાર્યા હતા.

**૮. અ. સં. ૧૮૬૫ કારતક માસ (ઈ.સ. ૧૮૦૮)**

- ભગવાન શ્રીહરિ બરકમરામની હવેલીમાં ઉતારો કર્યો હતો. તેમજ શ્વેતકૃષ્ણ મંદિરના અંધ પૂજારીને દેખતા કર્યા હતા.

**૯. અ. સં. ૧૮૬૫ મહા માસ (ઈ.સ. ૧૮૦૯)**

- સં. ૧૮૬૫ના મહા માસમાં ફરીવખત શ્રીજીમહારાજ પધારીને પ્રાણનાથ શુકલ અને અંબારામ વૈદ્યને ઘેર ઉતારો કર્યો હતો.

**૧૦. અ. સં. ૧૮૬૬ ભાદરવા માસ (ઈ.સ. ૧૮૦૯)**

- ઉત્તરગુજરાતના ગામડાઓમાં વિચરણ કરી શ્રીજીમહારાજ અમદાવાદ પધાર્યા હતા. અહિં શહેરમાં નિવાસ કરતા ભક્તોના ઘેરે પધરામણી ને થાળ જમાડવાનું સુખ આપ્યું હતું.

**૧૧. અ. સં. ૧૮૬૭ માગશર માસ (ઈ.સ. ૧૮૧૦)**

- ભગવાન શ્રીહરિ કચ્છ-ભુજ, ઝાલાવડ અને સોરઠ વગેરે પ્રદેશોમાં ફરતા ફરતા **અમદાવાદ** પધાર્યા હતા. અમદાવાદ ભદ્રમાં પેશ્વાના સૂબા વિઠુબા ભાઉએ ભગવાન શ્રીહરિના વિરોધીઓની ઉશ્કેરણીથી શ્રીજીમહારાજને આ મહેલમાં બોલાવી મારી નાખવા માટે આ તેલના ટાંકા ઉપર કપટઆસન કરી બેસાડયા પ્રયાસ કર્યો હતો. પરંતુ ભગવાન શ્રીહરિ તેના ઉપર ન બેઠા અને સર્વાંતર્યામીએ સૂબાનું કપટ ઉઘાડું પાડ્યું હતું.



**૧૨. અ. સં. ૧૮૬૮ કારતકમાસ (ઈ.સ. ૧૮૧૧)**

- શ્રીજીમહારાજ અમદાવાદ પધારીને ત્રણ દિવસ સુધી રોકાયને આશ્રિતજનોને સુખીયા કર્યા હતા.

**૧૩. અ. સં. ૧૮૭૧ કારતક માસ (ઈ.સ. ૧૮૧૪)**

- ભગવાન શ્રીહરિ અમદાવાદ પધારીને શહેરના અંગ્રેજ ગવર્નર એરણ અને ડનલપ સાહેબને મળ્યા હતા. તેમજ શહેરના જનોને સમાધિ કરાવી હતી.

**૧૪. અ. સં. ૧૮૭૧ ભાદરવા માસ (ઈ.સ. ૧૮૧૪)**

- ઉત્તરગુજરાતના ગામડાઓમાં વિચરણ કરી શ્રીજીમહારાજ અમદાવાદ પધાર્યા હતા. અહિં નવાવાસમાં સમાધિ પ્રકરણ ચલાવ્યું હતું. તેમજ એરણ સાહેબના બંગલે પધારીને મંદિરના જમીનનો લેખ કરાવ્યો હતો.

**૧૫. અ. સં. ૧૮૭૩ અષાઢ માસ (ઈ.સ. ૧૮૧૬)**

- વડતાલ, ડભાણ, જેતલપુર વગેરે ગામો ફરીને અમદાવાદ શ્રીજીમહારાજ પધાર્યા હતા.

**૧૬. અ. સં. ૧૮૭૪ માગશર માસ (ઈ.સ. ૧૮૧૭)**

- ભગવાન શ્રીહરિ વડતાલ, ડભાણ, જેતલપુર વગેરે ગામો ફરીને અમદાવાદ પધારી અંગ્રેજ ગવર્નરને મળી મંદિર અંગેની ચર્ચા કરી હતી.

**૧૭. અ. સં. ૧૮૭૪ વૈશાખ માસ (ઈ.સ. ૧૮૧૮)**

- અમદાવાદમાં શ્રીજીમહારાજ પધારી રંગમહોલની મેડી ઉપર ઉતારો કર્યો હતો. તેમજ હઠીસિંહના દેરે અને અંગ્રેજ ગવર્નરને બંગલે પધાર્યા હતા.

**૧૮. અ. સં. ૧૮૭૫ ફાગણ માસ (ઈ.સ. ૧૮૧૯)**

- શ્રીજીમહારાજ અમદાવાદ પધારીને આશ્રિતજનોને સુખીયા કર્યા હતા.

**૧૯. અ. સં. ૧૮૭૬ કારતક માસ (ઈ.સ. ૧૮૧૯)**

- શ્રીજીમહારાજ અમદાવાદ પધારી નવાવાસમાં ઉતારો કરીને ભક્તોને પધરામણી અને થાળ જમાડવાનું સુખ આપ્યું હતું.

**૨૦. અ. સં. ૧૮૭૭ મહા માસ (ઈ.સ. ૧૮૨૧)**

- મંદિર નિર્માણ અંગેના નિર્ણય બાબતે શ્રીજીમહારાજ અમદાવાદ પધાર્યા.

**૨૧. અ. સં. ૧૮૭૮ મહા માસ (ઈ.સ. ૧૮૨૨)**

- સં. ૧૮૭૮, ફાગણ સુદ ૩, તા. ૨૪-૨-૧૮૨૨ સોમવારના રોજ સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાના શુભ વરદ્હસ્તે અમદાવાદ દેશના ભક્તજનોના સર્વે મનોરથો પૂર્ણ કરવા 'યાવત્ ચંદ્રદિવાકરૌ' વિશ્વમાં સૌપ્રથવવાર અમદાવાદ મંદિરમાં **શ્રી નરનારાયણદેવની મૂર્તિઓની પ્રાણપ્રતિષ્ઠા** કરી હતી.

**૨૨. અ. સં. ૧૮૮૧ મહા માસ (ઈ.સ. ૧૮૨૫)**

- અમદાવાદ શહેરના ભક્તોના આમંત્રણને સ્વીકારી શ્રીજીમહારાજ ફૂલદોલ ઉત્સવ કરવા પધાર્યા હતા.

**૨૩. અ. સં. ૧૮૮૨ મહા માસ (ઈ.સ. ૧૮૨૬)**

- અમદાવાદ શહેરના ભક્તોના આમંત્રણને સ્વીકારી શ્રીજીમહારાજ ફૂલદોલ ઉત્સવ કરવા પધાર્યા હતા.

**૨૪. અ. સં. ૧૮૮૪ કારતક માસ (ઈ.સ. ૧૮૨૭)**

- ભગવાન શ્રીહરિ કારતક માસમાં પ્રબોધનિ મહોત્સવ કરવા સંતો-હરિભક્તો સાથે અમદાવાદ પધાર્યા હતા.

**૨૫. અ. સં. ૧૮૮૪ ફાગણ માસ (ઈ.સ. ૧૮૨૮)**

- અમદાવાદ શહેરના ભક્તોના આમંત્રણને સ્વીકારી શ્રીજીમહારાજ ફૂલદોલ ઉત્સવ કરવા પધાર્યા હતા.

**૨૬. અ. સં. ૧૮૮૫ અષાઢ માસ (ઈ.સ. ૧૮૨૮)**

- ભગવાન શ્રીહરિ આ સાલમાં અમદાવાદ પધારી રંગમહોલમાં ઉતારો કર્યો હતો.

**૨૭. સં. ૧૮૮૬ (ઈ.સ. ૧૮૨૯)**

- શ્રીજીમહારાજ શાસ્ત્રાર્થ કરવા સંન્યાસીનું તેડું હતું તેથી આ વખતે અમદાવાદ પધાર્યા હતા. આ શાસ્ત્રાર્થમાં શંકરાચાર્યના સંન્યાસી ભગવાન શ્રીહરિ સાથે શાસ્ત્રાર્થ શક્યા નહીં તેથી તેમણે શ્રીજીમહારાજની ક્ષમા માંગી હતી.

# શ્રીજીસમકાલીન અમદાવાદના હરિભક્તોની નામાવલી

૧. શ્રી આશારામ વણિક
૨. શ્રી આદિતરામ વિપ્ર
૩. શ્રી અંબારામ કડિયા
૪. શ્રી અંબારામ જણસાલી
૫. શ્રી અભેરામ
૬. શ્રી આત્મારામ
૭. શ્રી અંબારામ વૈદ્ય (કડવા પટેલ)
૮. શ્રી ઈચ્છારામ ચોકસી
૯. શ્રી ઉમિયાશંકર વિપ્ર
૧૦. શ્રી કુબેર વણિક
૧૧. શ્રી કુબેરજી દ્વિજ
૧૨. શ્રી કાશીરામ દ્વિજ
૧૩. શ્રી કેવળરામ કણબી
૧૪. શ્રી કૃષ્ણ જણસાલી
૧૫. શ્રી કુબેર કડિયા
૧૬. શ્રી કુબેર વણિક
૧૭. શ્રી કુબેરસિંહ છડીદાર (કડવા પટેલ)
૧૮. શ્રી કસલો કણબી
૧૯. શ્રી ખુશાલ કણબી
૨૦. શ્રી ગીરધરલાલ ધ્રુવ શેઠ વડનગરા નાગર
૨૧. શ્રી ગોવિંદ ચોકસી
૨૨. શ્રી ગોકળ ચોકસી
૨૩. શ્રી ગંગારામ કણબી
૨૪. શ્રી ગોપાલ વણિક
૨૫. શ્રી ગણપતરામ દ્વિજ
૨૬. શ્રી ગુલાબ કણબી
૨૭. શ્રી જગજીવન સુતાર
૨૮. શ્રી જીવણરામ દ્વિજ
૨૯. શ્રી જીભાઈ ચોપદાર
૩૦. શ્રી જેઠાભાઈ કણબી
૩૧. શ્રી ડોસાભાઈ વોરા
૩૨. શ્રી ત્રિભોવનભાઈ
૩૩. શ્રી ત્રિકમભાઈ ચોકસી
૩૪. શ્રી દામોદર કણબી
૩૫. શ્રી દોલાભાઈ ચોકસી
૩૬. શ્રી દયાળજી કણબી
૩૭. શ્રી દામોદર સુતાર
૩૮. શ્રી દયારામ બ્રાહ્મણ
૩૯. શ્રી દેવરામ બ્રાહ્મણ
૪૦. શ્રી દુર્લભરામ બ્રાહ્મણ
૪૧. શ્રી નથુભક્ત ઔદિચ્ય
૪૨. શ્રી નરભેરામ શાસ્ત્રી વિપ્ર
૪૩. શ્રી નથુભટ્ટ વિપ્ર - ખોખરા
૪૪. શ્રી નથુભાઈ (મોટા) ઔદિચ્ય વિપ્ર
૪૫. શ્રી નારાયણ વિપ્ર
૪૬. શ્રી નરસીદાસ કણબી
૪૭. શ્રી નાનાભાઈ વિપ્ર
૪૮. શ્રી પિતાંબર કણબી
૪૯. શ્રી પાનાચંદ કણબી
૫૦. શ્રી પ્રેમજીભાઈ કણબી
૫૧. શ્રી પુરુષોતમ સોની
૫૨. શ્રી પ્રાણનાથ શુકલ
૫૩. શ્રી પરભુદાસ સોની
૫૪. શ્રી પરસોતમ વડનગરા નાગર
૫૫. શ્રી બેચરભાઈ ચોકસી
૫૬. શ્રી બાપુભાઈ વિસનગરા નાગર
૫૭. શ્રી ભાઈચંદ કણબી
૫૮. શ્રી ભૂધરભાઈ સુતાર
૫૯. શ્રી ભવાનીશંકર
૬૦. શ્રી ભગવાનદાસ
૬૧. શ્રી મનોહર વણિક
૬૨. શ્રી મોહનલાલ શેઠ વણિક
૬૩. શ્રી મહાદેવ વિપ્ર
૬૪. શ્રી મંગળદાસ સોની
૬૫. શ્રી મંગળદાસ વ્યાસ વિપ્ર
૬૬. શ્રી મંગળભાઈ ભટ્ટ
૬૭. શ્રી માણેકચંદ કણબી
૬૮. શ્રી મોતીરામ કણબી
૬૯. શ્રી માણેકશા કણબી
૭૦. શ્રી મૂળજીભાઈ કણબી
૭૧. શ્રી મુગટરામ વિસનગરા નાગર
૭૨. શ્રી રણછોડભાઈ ચોકસી
૭૩. શ્રી રણછોડભાઈ કણબી
૭૪. શ્રી રાયજીભાઈ કણબી
૭૫. શ્રી રતનજીભાઈ
૭૬. શ્રી રઘુનાથ કણબી
૭૭. શ્રી લાલદાસ ગોરા કણબી
૭૮. શ્રી લખાભાઈ કણબી
૭૯. શ્રી લક્ષ્મીચંદ સોની
૮૦. શ્રી લક્ષ્મીરામ વડનગરા
૮૧. શ્રી વ્રજલાલ ઘાંચી
૮૨. શ્રી વજેરમ કણબી
૮૩. શ્રી વાલદાસ કણબી
૮૪. શ્રી વણારસી સોની
૮૫. શ્રી હીરાચંદ વણિક
૮૬. શ્રી હરગોવિંદ વણિક
૮૭. શ્રી હિંમતરામ દ્વિજ
૮૮. શ્રી હરગોવિંદ કણબી
૮૯. શ્રી હીરાચંદ સોની
૯૦. શ્રી હીરાચંદ ચોકસી
૯૧. શ્રી હરિભાઈ જણસાલી
૯૨. શ્રી હરિહરભાઈ
૯૩. શ્રી હરેશ્વર દ્વિજ
૯૪. શ્રી હરિભાઈ દ્વિજ
૯૫. શ્રી હરજીવન સોની
૯૬. શ્રી હીરાભાઈ કણબી
૯૭. શ્રી હરિવલ્લભ કણબી
૯૮. શ્રી શંભુદાસ કણબી
૯૯. શ્રી શામળ પારેખ વણિક
૧૦૦. શ્રી સોમનાથ શ્રીમાળી
૧૦૧. શ્રી બેચરમણકીવાળા શેઠ
૧૦૨. શ્રી ઉત્તમરામ શાસ્ત્રી
૧૦૩. શ્રી કેશવરામ શાસ્ત્રી

સ્ત્રીભક્તો

૧૦૪. શ્રી અંબાબેન વણિક
૧૦૫. શ્રી અભેકુંવરબેન
૧૦૬. શ્રી અચરતબેન વણિક
૧૦૭. શ્રી ઉમિયાબાઈ
૧૦૮. શ્રી આધારબાઈ
૧૦૯. શ્રી કંકુબેન કણબી
૧૧૦. શ્રી ઠકરાણી ભયાકુંવર વણિક
૧૧૧. શ્રી ગંગાબેન દ્વિજ
૧૧૨. શ્રી જમનાબેન દ્વિજ
૧૧૩. શ્રી રેવાબેન દ્વિજ
૧૧૪. શ્રી લક્ષ્મીબેન વણિક
૧૧૫. શ્રી રતનબાઈ વણિક
૧૧૬. શ્રી વ્રજકુંવરબેન વણિક
૧૧૭. શ્રી વજુબાઈ કણબી
૧૧૮. શ્રી માનકુંવરી કણબી
૧૧૯. શ્રી શામકુંવર વણિક
૧૨૦. શ્રી દેવબાઈ સોની
૧૨૧. શ્રી દિવાળીબાઈ સોની
૧૨૨. શ્રી શિવકુમાર દ્વિજ
૧૨૩. શ્રી હરિબાઈ કણબી
૧૨૫. શ્રી ગંગામા નાગર
૧૨૬. શ્રી અંબાબા નાગર
૧૨૭. શ્રી

નોંધ :- આ સિવાય બીજા ઘણાજ પુરુષ-સ્ત્રી ભક્તો હતા. પરંતુ અહિં મુખ્ય ભક્તોના જ નામો લખ્યા છે.



# સત્સંગ સમાચાર પત્રિકા

સ્વામી ઘનશ્યામદાસજી - રઘુવીરવાડી તથા સાધુ ધર્મવલ્લભદાસજી - સરધાર

## ગોંડલ







ગોંડલ (જૂનાગઢ પ્રદેશ)ને આંગણે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી યોજાયેલ દેવો '૧૪૧મો વાર્ષિક પાટોત્સવ' તથા 'સત્સંગ સભા' (તા. ૧૬-૨-૧૧)

## આણંદ











આણંદ (વડતાલ પ્રદેશ)ને આંગણે શ્રીજી પ્રસાદિભૂત રોકડીયા દેવ શ્રી હનુમાનજી મહારાજના સાંનિધ્યમાં યોજાયેલ 'શ્રી સ્વામિનારાયણ મહોત્સવ'ના ઉપક્રમે પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના વક્તાપદે 'શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ'નો અલભ્ય લાભ લેતા ચરોતર પ્રદેશના ભાવિક ભક્તજનો. (તા. ૧૨ થી ૧૮-૨-૧૧)








ટીંબરવા (કાનમ પ્રદેશ)ને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય સાંનિધ્ય યોજાયેલ 'દિવ્ય શાકોત્સવ' તથા 'સત્સંગ સભા' (તા. ૨૦-૨-૨૦૧૧)


## આજે જ આપના ઘરમાં વસાવો... વ્રત-ઉત્સવ - ૨૦૧૧/૧૨ નવો નિર્ણય




### વ્રતો તથા ઉત્સવોનો નિર્ણય અને પંચાગ

- સંવત ૨૦૬૭/૬૮નાં વ્રત-ઉત્સવોનો નિર્ણય...
- જાહેર રજાઓ, તહેવારો, મહોત્સવો, શ્રીહરિ નવમી, એકાદશીઓ, પૂર્ણિમાઓ...
- દીપાવલી, લગ્ન, જનોઈ, વાસ્તુ-કળશ તથા ખાતનાં મુહૂર્તો...
- મંદિરોની પ્રતિષ્ઠાતિથિઓ તથા પાટોત્સવની વિગતો...
- મુહૂર્ત કેવી રીતે જોશો ? શુભ કાર્યો માટે મુહૂર્તો-વાર-નક્ષત્રો-તિથિઓ, નવજાત શિશુનું નામકઈ રીતે પાડશો ? રાશિ-અક્ષરો તેની સમજૂતી....
- સૂર્ય-ચંદ્ર ગ્રહણોની વિગત...
- વરસાદનાં નક્ષત્રો અને ચોઘડીયાં...
- દેશ-વિદેશના મુખ્ય મંદિરોનાં સરનામાં તથા ટેલિફોન નંબરો...

-: વધુ સંપર્ક માટે :-

પૂ. ઘનશ્યામસ્વામી, મો. ૯૮૨૫૧૩૪૧૦૮. પ.ભ. નનુમામા, મો. ૯૦૯૯૨૯૨૯૨૫

## આપ હવે પુનઃ માણી શકો છો...!!!

### શ્રી સ્વામિનારાયણ મહામંત્ર મહોત્સવ - ગઢપુર

**ડી.વી.ડી. સેટ ભાગ : ૧ થી ૧૬**



**પ્રાપ્તિસ્થાન :- ગઢડા :** શ્રી સ્વા. મંદિર - મો. ૯૪૨૬૮૦૪૧૦૯, **વડતાલ :** શ્રી રઘુવીરવાડી - મો. ૯૮૨૫૧૩૪૧૦૮
**સરધાર :** શ્રી સ્વા. મંદિર - મો. ૭૬૦૦૦૫૮૫૦૩ **સુરત :** શ્રી સ્વા. મંદિર - શ્રીજીનગર. મો. ૮૧૨૮૬૯૧૫૧૩


## જાપાનના ભુકંપ પીડિતો માટે ધર્મકુળ આશ્રિત પરિવાર દ્વારા શ્રીહરિને પ્રાર્થના

વ્હાલા ભક્જનો ! પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુળ મુગટમણિ શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી વડતાલ દેશ દક્ષિણ વિભાગ ધર્મકુળ આશ્રિત પરિવાર દ્વારા જાપાનમાં તા.૧૧-૩-૧૧ના રોજ થયેલ ધરતીકંપ તથા સુનામીથી જેઓની જિંદગી હોમાઈ છે તેવા હજારો આત્માને શાંતિ મળે તેમજ જે બેહાલ અને ઘાયલ થયેલ તેઓને જલ્દી સ્વસ્થતા મળે તેવા શુભ હેતુસર સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણના શ્રીચરણોમાં પ્રાર્થના કરવામાં આવી હતી.




ભાવનગર (ગઢપુર પ્રદેશ) શહેરને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી પ.પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય સાંનિધ્યમાં પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના માર્ગદર્શન પ્રમાણે અને શ્રી બીપીનભાઈ પારેખના યજમાનપદે યોજાયેલ **'શ્રી સ્વામિનારાયણ સત્સંગ શિબિર'** (તા. ૧૯ થી ૨૩-૨-૧૧)




પીપરલ્લા (ગઢપુર પ્રદેશ) ગામને આંગણે **શ્રી સ્વા.મંદિરના 'રજત જયંતિ મહોત્સવ'**ના ઉપલક્ષમાં પૂ. કો. શા. સ્વામી શ્રી ઘનશ્યામવલ્લભદાસજીના વક્તાપદે યોજાયલે **'શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ'**માં પ.પૂ. લાલજી મહારાજશ્રી પધારીને ૨૦૦ વર્ષ પૂર્વે શ્રી નીલકંઠવર્ણી વેશે પધારેલ શ્રીજીમહારાજના લીલાપ્રસંગની ઝાંખી કરાવી હતી. (તા. ૧૯ થી ૨૫-૨-૧૧)




વડતાલ પ્રદેશના કાલોલ (જી. પંચમહાલ)ગામને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી અને પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના માર્ગદર્શન પ્રમાણે તૈયાર થયેલ નૂતન શ્રી સ્વા. મંદિરનો ઉજવાયો 'મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ' (તા. ૨૪ થી ૨-૩-૧૧)




વડતાલ પ્રદેશના માંડવી (જી. સુરત)ગામને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી તૈયાર થયેલ નૂતન શ્રી સ્વા. મહિલા મંદિરમાં પ્રાણ પ્રતિષ્ઠા કરતા તથા પ.પૂ. લાલજી મહારાજશ્રી.(તા. ૨૫-૨-૧૧)

## સામલોદ





સામલોદ (ભરુચ)ને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય સાંનિધ્ય યોજાયેલ 'દિવ્ય શાકોત્સવ' તથા 'સત્સંગ સભા' (તા. ૨૫-૧-૨૦૧૧)

## પંડોળી

પંડોળી (પેટલાદ)ને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય સાંનિધ્ય યોજાયેલ મંદિરમાં વિરાજમાન દેવોનો 'વાર્ષિક પાટોત્સવ'. (તા. ૨૬-૧-૨૦૧૧)



## ઘોરા



ઘોરા (ઉમરેઠ)ને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય સાંનિધ્યમાં યોજાયેલ 'દિવ્ય શાકોત્સવ' તથા 'સત્સંગ સભા' (તા. ૨૬-૧-૨૦૧૧)

## વસઈ







વસઈ (મુંબઈ)ને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય સાંનિધ્યમાં યોજાયેલ બૃહદ મુંબઈ પરાવિસ્તારની 'દ્વિમાસિક સત્સંગ સભા'. (તા. ૨૭-૧-૧૧)


॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી વિદ્યમાન આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી ધર્મકુળ આશ્રિત શ્રી સ્વામિનારાયણ સત્સંગ સમાજ આયોજીત જેતપુર શહેરને આંગણે અતિ ભવ્ય

**શ્રી સ્વામિનારાયણ મહોત્સવ**

**શ્રીમદ્ સત્સંગિજીવન સપ્તાહ પારાયણ**

-: વક્તા :-
પૂ. સ્વામી શ્રી વિવેકસ્વરૂપદાસજી - બગસરા

**કથા સમય** :- બપોરે ૩.૩૦ થી ૬.૩૦
રાત્રે ૮.૩૦ થી ૧૦.૩૦

**તારીખ :- ૨૬ થી ૧ ૪-૨૦૧૧ સુધી**

**મહોત્સવ સ્થળ** :- અમરનગર રોડ, ટાકુડીપરા મેઈન રોડ, જેતપુર

સંપર્ક :- પૂ. અદ્દભુત સ્વામી મો. ૮૧૨૮૬૯૧૫૦૫ જગાભાઈ મો. ૯૮૭૯૪૨૨૪૦૪



ધર્મકુળ આશ્રિત શ્રી સ્વામિનારાયણ સત્સંગ સમાજ - થાણા આયોજીત

**દિવ્ય દ્વિમાસિક સત્સંગ સભા**

તથા સમસ્ત મુંબઈ પરાવિસ્તાર વતિ થાણાને આંગણે
પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુળ મુગટમણિ શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો

**૩૮મો જન્મોત્સવ**

**તારીખ** : ૩-૪-૨૦૧૧, રવિવાર

**સમય** : બપોરે ૪ થી ૧૦

સ્થળ :- ઘંટાળી દેવી મંદિરનું મેદાન,
ઘંટાળી રોડ, વિષ્ણુનગર, નૌપાડા, થાણા (વેસ્ટ)


## શ્રી સ્વામિનારાયણ ચિંતન અંકના ગ્રાહક ભક્તજનોને નમ્ર વિનંતી સહ સૂચના

વ્હાલા ગ્રાહક ભક્જનો ! આપને જો **'શ્રી સ્વામિનારાયણ ચિંતન'** અંક સમયસર ન મળતો હોય અથવા તો છેલ્લા ૩-૪ અંક ન મળેલ હોય તો તમારી નજીકની **મુખ્ય પોસ્ટ ઓફિસ**માં જઈને **ફરિયાદ ફોર્મ**ને ભરવાનું રહેશે અને તેની ઝેરોક્ષ કોપી 'ચિંતન કાર્યાલય' સરધારના સરનામે કુરીયરથી મોકલવાની રહેશે. જેથી આપને અંક સમયસર ન મળતો હોય તેની તપાસ થઈ શકે.

**સરનામું** :- 'ચિંતન કાર્યાલય' શ્રી સ્વા. મંદિર - સરધાર, તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫. મો. ૭૬૦૦૦૨૩૭૧૫

## કુર્લા-કાજુપાડા





કુર્લા-કાજુપાડા (મુંબઈ)ને આંગણે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદ યોજાયલે
**'દિવ્ય શાકોત્સવ તથા સત્સંગ સભા'.** (તા. ૧૩-૩-૨૦૧૧)

## બાદલપુર








જૂનાગઢ પ્રદેશના **બાદલપુર** (જી. અમરેલી)ગામને આંગણે **પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી** તથા
**પ.પૂ. લાલજી મહારાજશ્રીના** રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી અને **પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના**
માર્ગદર્શન પ્રમાણે તૈયાર થયેલ **નૂતન શ્રી સ્વા. મંદિરનો** ઉજવાયો **'મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ'** (તા. ૨૫ થી ૩-૩-૧૧)

## વરજાંગ જાળિયા





શ્રીહરિ મંદવાડ ગ્રહણસ્થાન **વરજાંગ જાળિયાને** આંગણે યોજાયેલ **'શ્રીહરિયાગ યજ્ઞ'** તથા
**'શાકોત્સવ'** પ્રસંગે પધારતા **પ.પૂ. લાલજી મહારાજશ્રી.** (તા. ૩-૩-૧૧)




કારેલા (વડતાલ પ્રદેશ)ને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય સાંનિધ્ય યોજાયેલ
'દિવ્ય શાકોત્સવ' તથા 'સત્સંગ સભા' (તા. ૪-૩-૨૦૧૧)




ગઢડાને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય સાંનિધ્યમાં અને પ.ભ. શ્રી બાબુભાઈ ખોપાળાવાળાના યજમાનપદે
યોજાયેલ શ્રીહરિકૃષ્ણ મહારાજનો '૧૫૧મો વાર્ષિક પાટોત્સવ'. (તા. ૧૦-૩-૨૦૧૧)

રઘુવીરવાડી (વડતાલ)ને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય સાંનિધ્ય યોજાયેલ

# પ.પૂ. નાના લાલજી મહારાજશ્રીના શુભવિવાહ પ્રસંગે 'અભિવાદન સત્કાર સમારોહ'

તા. ૧૨-૩-૨૦૧૧ના રોજ છપૈયા પ્રદેશમાં પ.પૂ. નાના લાલજી મહારાજશ્રી શુભવિવાહ યોજાયા હતા. તે પ્રસંગે તા. ૯-૩-૨૦૧૧ના રોજ વડતાલ ખાતે 'સ્નેહ સંમેલન તથા પ્રીતિ ભોજન'નું આયોજન કરવામાં આવ્યું હતું. પ.પૂ. નાના લાલજી મહારાજશ્રીને સત્કારવા માટે વિશાળ સંખ્યામાં ધર્મકુળ આશ્રિત સંતો-હરિભક્તો પધાર્યા હતા.






વડતાલ પ્રદેશના સોજીત્રા (જી. આણંદ)ગામને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી અને પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના માર્ગદર્શન પ્રમાણે તૈયાર થયેલ નૂતન શ્રી સ્વા. મંદિરનો ઉજવાયો 'મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ' (તા. ૯ થી ૧૨-૩-૧૧)




વડતાલ પ્રદેશના ખેડાસા (જી. આણંદ)ગામને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી અને પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના માર્ગદર્શન પ્રમાણે તૈયાર થયેલ નૂતન શ્રી સ્વા. મંદિરનો ઉજવાયો 'મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ' (તા. ૮ થી ૧૨-૩-૧૧)




કતારગામ-સુરત શહેરને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી ધર્મકુળ આશ્રિત શ્રી લક્ષ્મીનારાયણ યુવક મંડળ દ્વારા આયોજીત પ.પૂ. લાલજી મહારાજશ્રીના પવિત્ર નિશ્રામાં યોજાયેલ 'દ્વિમાસિક સત્સંગ પોષક મહોત્સવ' (તા. ૧૨-૩-૧૧)


પધારો સાવરકુંડલા — પધારો સાવરકુંડલા

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥


ભગવાન શ્રી સ્વામિનારાયણ

વડતાલ પીઠાધિપતિ પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી વિદ્યમાન આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુળ મુગટમણિ શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી

જયાણી પરિવાર આયોજીત સાવરકુંડલાને આંગણે

## શ્રીમદ્ સત્સંગિજીવન સપ્તાહ પારાયણ

વક્તા :- પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી - વડતાલ (હાલ-સરધાર)


પ.પૂ. આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

-: તારીખ :-
૧૯ થી ૨૫
એપ્રિલ, ૨૦૧૧


પ.પૂ. ૧૦૮ શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

-: કથા સમય :-
સવારે ૮-૩૦ થી ૧૧-૩૦ કલાકે, બપોરે ૩ થી ૬ કલાકે

નિમંત્રક :- અ.નિ. શ્રી મનુભાઈ નાથાભાઈ જયાણી

કથા સ્થળ :- શ્રી બાબુભાઈ નાથાભાઈ જયાણી,
શ્રી સ્વામિનારાયણ ધામ, મધુવન સોસાયટી, જેસર રોડ, સાવરકુંડલા

સંપર્ક : બાબુભાઈ જયાણી - મો. ૯૪૨૮૩૪૦૭૪૧ વિજયભાઈ જયાણી - મો. ૯૮૨૪૨૬૬૮૪૯
ગોરધનભાઈ કાનાણી - મો. ૯૪૨૯૪૭૮૧૧૭



॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

દર મહિનાના પહેલા રવિવારે **સરધાર** અને
મહિનાના છેલ્લા શનિવારે **રાજકોટ**માં યોજાતી

## અભયદાન સત્સંગ



:: સરધાર ::
તા. ૩-૪-૧૧
સમય :- સવારે ૮ થી ૧





:: રાજકોટ ::
તા. ૨૬-૩-૧૧
સમય :- રાત્રે ૯ થી ૧૧

**સંપર્ક** :- શ્રી સ્વા. મંદિર - સરધાર,
ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧. મો. ૯૮૭૯૭૫૮૫૦૩

શ્રી મહેન્દ્રભાઈ રાજકોટ - મો. ૯૪૨૬૨૨૯૫૫૮,
શ્રી કરશનભાઈ રાજકોટ - મો. ૯૪૨૬૭૮૧૧૭૯

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

## પવિત્ર શ્રાવણ માસમાં સંતો-ભક્તો સાથે તીર્થયાત્રાનો અનેરો લ્હાવો...

**શ્રી સ્વા. મંદિર સરધાર દ્વારા આયોજીત ચારધામની આઠમી**

પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી વિદ્યમાન આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી વિશ્વશાંતિ અને ભગવાન શ્રીહરિની પ્રસન્નતાર્થે આગામી દ્વિતીય ચરણ આંતરરાષ્ટ્રીય 'શ્રી સ્વામિનારાયણ મહામંત્ર મહોત્સવ - જૂનાગઢ'ના ઉપક્રમે



# શ્રી સ્વામિનારાયણ સ્પેશ્યલ ટ્રેનયાત્રા

**પ્રયોજક :- પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી - વડતાલ (હાલ-સરધાર)**

**તારીખ :-** ૨૧-૭-૧૧ અષાઢ વદ - ૬ થી ૧૭-૮-૧૧ શ્રાવણ સુદ - ૪ • **કુલ દિવસ :-** ૨૮ **ટીકીટ દર :-** રૂા. ૨૨,૫૦૦

### :: દર્શનીય પવિત્ર તીર્થસ્થળો ::

નાસિક, ત્ર્યંબકેશ્વકર જ્યોતિર્લિંગ, પંઢરપુર, રામેશ્વર, શ્રીરંગક્ષેત્ર, તિરૂપતિ બાલાજી, જગન્નાથપુરી, સાક્ષીગોપાલ, ભુવનેશ્વર, ધોલાગીરી, કાશી/વારાણસી, પ્રયાગરાજ/અલ્હાબાદ, અયોધ્યા, છપૈયા, હરિદ્વાર, કનખલ, ઋષિકેશ, લક્ષ્મણઝુલા, કેદારનાથ, બદ્રિનાથ, મથુરા, ગોકુળ, રમણરેતી, વૃંદાવન, દ્વારિકા.

**ટીકીટ દર :-** ❖ યાત્રાપ્રવાસ-ભોજન તથા દર્શનની બસ વ્યવસ્થાના ખર્ચ સાથે ટીકીટનો દર એક ટીકીટના રૂા. ૨૨, ૫૦૦/- રાખવામાં આવેલ છે. ❖ બુકિંગ સમયે રૂા. ૫,૫૦૦/- ભરવાના રહેશે તેમજ બાકીની રકમ ટીકીટ દીઠ રૂા. ૧૭,૦૦૦/- યાત્રાપ્રવાસ ઉપડતા પહેલા ૩૦ દિવસે ભરી દેવાના રહેશે. **ખાસનોંધ : પાંચ વર્ષ કે તેથી ઉપરના બાળકોની સ્પેશ્યલ ટ્રેનમાં રેલ્વે બોર્ડ દ્વારા અડધી ટીકીટ અપાતી નથી, માટે તેની પણ આખી ટીકીટ જ લેવાની રહેશે.**

**યાત્રા વ્યવસ્થા :-** યાત્રાપ્રવાસ રેલ્વેની સંપૂર્ણ સ્પેશ્યલ ટ્રેન દ્વારા આયોજીત કરેલ છે. જેમાં થ્રીટાયર સ્લિપર કલાસમાં દરેક યાત્રિકને સ્વતંત્ર સુવાની સગવડતા મળશે. તેમજ આરામથી બેસીને યાત્રાને માણી શકશે. અને યાત્રાપ્રવાસ દરમ્યાન ટ્રેનમાં યા તીર્થસ્થળોએ તીર્થમાહાત્મ્ય શ્રવણ તેમજ કથા-વાર્તાનો લાભ સંતોની અમૃતવાણી દ્વારા સંપૂર્ણ યાત્રાપ્રવાસમાં મળતો રહેશે.

**ભોજન વ્યવસ્થા :-** કિચનકારથી સજ્જ સ્પેશ્યલ ટ્રેનમાં ભગવાન શ્રી સ્વામિનારાયણની આજ્ઞા પ્રમાણે શુદ્ધ અને ગાળી-ચાળીને પવિત્રપણે સંતો-ભક્તોના હાથે બનાવેલ અને ઠાકોરજીને થાળ ધરીને બંને સમય સ્વાદિષ્ટ સાત્ત્વિક ભોજન તથા સવારે નાસ્તો પીરસવામાં આવશે.

**ખાસનોંધ :** યાત્રાપ્રવાસમાં કોઈને પણ બજારું ખાદ્ય પદાર્થ યા ડુંગળી-લસણ વગેરે ચીજવસ્તુઓ ટ્રેનમાં લાવવા દેવામાં આવશે નહિ.

**બુકિંગ માટે સંપર્ક :-** **શ્રી સ્વા.મંદિર - સરધાર.** ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧, મો. ૯૮૭૯૭૫૮૫૦૩, ૭૬૦૦૦૫૮૫૦૩, ૭૬૦૦૦૫૮૫૦૫ (પૂ. પતિતપાવન સ્વામી). **શ્રી સ્વા.મંદિર - શ્રીજીનગર - સુરત.** મો. ૮૧૨૮૬૯૧૫૧૩. **ધર્મવલ્લભ સ્વામી - વડતાલ** મો. ૯૮૨૫૧૩૪૧૦૮. **શ્રી સ્વા.મંદિર - ડોંબીવલી.** ફો. ૦૨૫૧-૨૪૫૩૮૭૫, મો. ૯૩૨૨૭૫૩૦૫૨. **શ્રી સ્વા. મંદિર - મલાડ.** ફો.નં. ૦૨૨ - ૨૮૯૦૨૭૧૭. **શ્રી સ્વા.મંદિર - ખારગેટ - મહુવા.** મો. ૮૧૨૮૬૯૧૫૧૫ **શ્રી સ્વા. મંદિર - બગસરા.** ફો.નં. ૦૨૭૯૬ - ૨૨૨૫૪, ૮૧૨૮૬૯૧૫૦૨ **મનસુખભાઈ દહિસર.** મો. ૯૮૩૩૫૧૫૧૭૨. **અશોકભાઈ વિદ્યાનગર.** મો. ૯૮૨૪૪૯૩૩૮૭. **પ્રવિણભાઈ માનકુવા-ભુજ.** મો. ૯૮૨૫૭૯૫૮૫૨. **ગોવિંદભાઈ માનકુવા-ભુજ.** મો. ૯૮૨૫૫૩૭૮૪૬. **રાજુભાઈ સુખપુર-ભુજ.** મો. ૯૮૭૯૭૩૪૪૩૫. **ઈશ્વરભાઈ વિકાસ મોટર્સ - અમદાવાદ.** મો. ૯૯૨૫૦૪૪૧૦૮. **નાથાભાઈ અમદાવાદ.** મો. ૯૮૭૯૧૩૨૩૧૨. **શાંતિલાલ માણાવદર.** મો. ૯૪૨૬૧૬૭૭૦૮. **હિંમતભાઈ ધંધુકા.** મો. ૯૪૨૮૪૯૯૩૦૮. **અમરશીભાઈ ખાદી - ભાવનગર.** મો. ૯૪૬૩૧૪૩૬૮.



**આયોજક :- શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર, તા.જી. રાજકોટ.**

**Visit us :** www.sardharkatha.com www.sardhardham.org
**E-mail :** sardharmandir@gmail.com

વડતાલ પીઠાધિપતિ પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી ધર્મમાર્તંડ, ધર્મકુળ ચુડામણી વિદ્યમાન આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુળ મુગટમણિ શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના દેશ-વિદેશમાં સુપ્રસિદ્ધ વક્તા

## સરધાર નિવાસી પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીની આગામી કથા-પારાયણો તથા મહોત્સવો

| ક્રમ | તારીખ | વિગત | તિથિ | મહોત્સવ કથા સ્થળ |
|---|---|---|---|---|
| ૧. | ૨૫ થી ૩૧ માર્ચ - ૨૦૧૧ | શ્રી સ્વામિનારાયણ મહોત્સવ | ફાગણ વદ - ૭ થી ફાગણ વદ - ૧૨ | 'લવાભાઈ સોરઠીયાની વાડી' માસ્તર સોસાયટી, સ્વીમીંગ પુલની પાછળ, કોઠારીયા રોડ, રાજકોટ. સંપર્ક : શ્રી મહેન્દ્રભાઈ પાટડીયા મો. ૯૪૨૬૨૨૯૫૫૮ વિશાલ પટેલ મો. ૮૧૨૮૬૯૧૫૧૦ |
| ૨. | ૪ થી ૧૦ એપ્રિલ - ૨૦૧૧ | શ્રી સ્વામિનારાયણ મહોત્સવ | ચૈત્ર સુદ - ૧ થી ચૈત્ર સુદ - ૭ | મુ. બોટાદ, જી. ભાવનગર સંપર્ક : ભીમજીભાઈ કળથીયા - મો. ૮૦૦૦૧૫૦૦૩૯ વિરજીભાઈ ખસ - મો. ૯૮૨૪૮૫૯૨૩૮ |
| ૩. | ૪ થી ૧૦ એપ્રિલ - ૨૦૧૧ | શ્રી સ્વામિનારાયણ મહોત્સવ | ચૈત્ર સુદ - ૧ થી ચૈત્ર સુદ - ૭ | મુ. ભુપગઢ, તા. જી. રાજકોટ. સંપર્ક : જીવરાજભાઈ - મો. ૯૯૭૯૩૯૮૮૮૧ |
| ૪. | ૧૨ થી ૧૮ એપ્રિલ - ૨૦૧૧ | શ્રી સ્વામિનારાયણ મહોત્સવ | ચૈત્ર સુદ - ૯ થી ચૈત્ર સુદ - ૧૫ | મુ. મોટા સમઢીયાળા (રાવળકાંઠાનું), તા. ઉના, જી. જૂનાગઢ સંપર્ક : કાંતિભાઈ સરપંચ - મો. ૯૯૦૪૧૧૫૧૦૩ ભગવાનજીભાઈ - મો. ૯૯૦૪૭૧૨૪૭૧ |
| ૫. | ૧૯ થી ૨૫ એપ્રિલ - ૨૦૧૧ | શ્રી સ્વામિનારાયણ મહોત્સવ | ચૈત્ર વદ - ૨ થી ચૈત્ર સુદ - ૮ | 'શ્રી સ્વામિનારાયણ ધામ', સાવરકુંડલા સંપર્ક : ગોરધનભાઈ કાનાણી - મો. ૯૪૨૯૪૭૮૧૧૭ બાબુભાઈ પટેલ - મો. ૯૪૨૮૩૪૦૭૪૧ |
| ૬. | ૨૬ થી ૨૮ એપ્રિલ | બાળ-યુવા મહોત્સવ | ચૈત્ર વદ - ૯ થી ૧૧ | શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર, તા.જી. રાજકોટ. મો. ૭૬૦૦૦૫૮૫૦૩ |
| ૭. | ૨૯ એપ્રિલ થી ૫ મે - ૨૦૧૧ | નૂતન મંદિર મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ | ચૈત્ર વદ - ૧૨ થી વૈશાખ સુદ - ૨ | મું. રાણપુર, તા. ભેંસાણ, જી. જૂનાગઢ સંપર્ક : હિતેશભાઈ - મો. ૯૭૧૪૦૫૦૨૮૫ મનુભાઈ - મો. ૯૯૦૯૪૬૦૯૫૬ |
| ૮. | ૨૯ એપ્રિલ થી ૫ મે - ૨૦૧૧ | નૂતન મંદિર મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ | ચૈત્ર વદ - ૧૨ થી વૈશાખ સુદ - ૨ | મું. ખાંભા (ગીર), તા. વિસાવદર, જી. જૂનાગઢ સંપર્ક : હકાભાઈ રામાણી - મો. ૯૯૭૯૧૨૦૯૯૮ રાકેશભાઈ પાંભર - મો. ૯૮૨૫૪૮૮૬૩૭ |
| ૯. | ૪ થી ૧૦ મે ૨૦૧૧ | નૂતન મંદિર મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ | વૈશાખ સુદ - ૧ થી વૈશાખ સુદ - ૭ | મું. એકલેરા, તા. લાઠી, જી. અમરેલી સંપર્ક : નનુમામા - મો. ૯૦૯૯૨૯૨૯૨૫ મુકેશભાઈ - મો. ૯૯૦૪૦૬૨૦૧૫ |
| ૧૦. | ૪ થી ૧૦ મે ૨૦૧૧ | નૂતન મંદિર મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ | વૈશાખ સુદ - ૧ થી વૈશાખ સુદ - ૭ | મું. રાયડી, તા. ખાંભા, જી. અમરેલી સંપર્ક : નાગજીભાઈ - મો. ૯૮૨૪૨૩૧૮૦૭ ખુશાલભાઈ - મો. ૯૭૨૩૧૯૬૪૯૪ |
| ૧૧. | ૧૧ થી ૧૭ મે ૨૦૧૧ | શ્રી સ્વામિનારાયણ મહોત્સવ | વૈશાખ સુદ - ૮ થી વૈશાખ સુદ - ૧૫ | યોગી ચોક, ચોપાટી સામે, વરાછા રોડ, સુરત. સંપર્ક : ૮૧૨૮૬૯૧૫૧૩, ૯૮૨૫૬૧૦૫૧૮, ૯૮૭૯૭૪૫૧૭૬, ૯૭૩૭૨૨૨૦૭૪ |
| ૧૧. | ૧૮ થી ૨૨ મે ૨૦૧૧ | નૂતન મંદિર મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ | વૈશાખ વદ - ૧ થી વૈશાખ વદ - ૫ | મું. જેજાદ, તા. સાવરકુંડલા, જી. અમરેલી સંપર્ક : ઘનશ્યામભાઈ - મો. ૯૮૭૯૭૮૪૫૩૧ |
| ૧૨. | ૧૮ થી ૨૨ મે ૨૦૧૧ | નૂતન મંદિર મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ | વૈશાખ વદ - ૧ થી વૈશાખ વદ - ૫ | મું. વિજપડી, તા. સાવરકુંડલા, જી. અમરેલી સંપર્ક : લાખાભાઈ - મો. ૯૯૦૯૪૭૧૧૬૧ દેવશીભાઈ - મો. ૯૯૦૯૨૭૫૮૩૧ |


॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥
પ.પૂ. સનાતન ધ.પુ. ૧૦૦૮ શ્રી વિદ્યમાન આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી ધર્મકુળ આશ્રિત શ્રી સ્વામિનારાયણ સત્સંગ સમાજ આયોજીત રાજકોટ શહેરને આંગણે અતિ ભવ્ય
શ્રી સ્વામિનારાયણ મહોત્સવ
શ્રીમદ્ સત્સંગિજીવન
સપ્તાહ પારાયણ
-: વક્તા :-
પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી
વડતાલ (હાલ-સરધાર)
તા. ૨૫ થી ૩૧ ૩-૨૦૧૧ સુધી
કથા સમય :- બપોરે ૩ થી ૬ રાત્રે ૮.૩૦ થી ૧૦.૩૦
આયોજક :- ધર્મકુળ આશ્રિત શ્રી સ્વામિનારાયણ
સત્સંગ સમાજ - રાજકોટ (જૂનાગઢ પ્રદેશ)
મહોત્સવ સ્થળ :- 'શ્રી સ્વામિનારાયણ ધામ' લવાભાઈ સોરઠીયાની વાડી, માસ્તર સોસાયટી, સ્વીમીંગ પુલની પાછળ, કોઠારીયા રોડ, રાજકોટ.
સંપર્ક :- શ્રી મહેન્દ્રભાઈ પાટડીયા મો. ૯૪૨૬૨૨૯૫૫૮ શ્રી વિશાલ પટેલ મો. ૮૧૨૮૬૯૧૫૧૦


॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥
વડતાલ પીઠાધિપતિ પ.પૂ. સનાતન ધ.પુ. ૧૦૦૮ શ્રી વિદ્યમાન આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનારૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી ધર્મકુળ આશ્રિત શ્રી હરિકૃષ્ણ સત્સંગ યુવક મંડળ આયોજીત બોટાદ ને આંગણે અતિ ભવ્ય
શ્રી સ્વામિનારાયણ મહોત્સવ
અંતર્ગત
શ્રીમદ્ સત્સંગિજીવન
સપ્તાહ પારાયણ
-: વક્તા :-
પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી તથા
પૂ. સ્વામી શ્રી પૂર્ણસ્વરૂપદાસજી
વડતાલ (હાલ-સરધાર)
-: કથા સમય :-
બપોરે ૩ થી ૬, રાત્રે ૮.૦૦ થી ૧૦.૩૦
તા. ૪ થી ૧૦ ૪-૨૦૧૧ સુધી
આયોજક : ધર્મકુળ આશ્રિત શ્રી હરિકૃષ્ણ સત્સંગ
યુવક મંડળ - બોટાદ (ગઢપુર પ્રદેશ)
:: મહોત્સવ સ્થળ ::
'છપૈયા ધામ' ગઢડા રોડ, મુ. બોટાદ, જી. ભાવનગર
સંપર્ક :- ભીમજીભાઈ કળથીયા - મો. ૮૦૦૦૧૫૦૦૩૯ વિરજીભાઈ હડિયલ - મો. ૯૮૨૪૮૫૯૨૩૮
ઘનશ્યામભાઈ કળથીયા - મો. ૯૯૨૪૯૭૩૩૯૧ ગગજીભાઈ કળથીયા - મો. ૯૮૨૪૦૩૫૧૮૪


॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥
પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી વિદ્યમાન આચાર્ય
શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ
સહ આજ્ઞાથી રાઠોડ પરિવાર આયોજીત ભુપગઢને આંગણે
શ્રીમદ્ સત્સંગિજીવન
કથા પારાયણ
વક્તા
પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી - સરધાર
પૂ. સ્વામી શ્રી પૂર્ણસ્વરૂપદાસજી - સરધાર
પૂ. શા. કો. સ્વામી શ્રી ઘનશ્યામવલ્લભદાસજી - ગઢડા
:: પ્રારંભ ::
તા. ૪-૪-૨૦૧૧
ચૈત્ર સુદ - ૧, સોમવાર
:: પૂર્ણાહુતિ ::
તા. ૧૦-૪-૨૦૧૧
ચૈત્ર સુદ - ૭, રવિવાર
-: કથા સમય :-
સવારે ૮.૩૦ થી ૧૧.૩૦
બપોરે ૩.૦૦ થી ૬.૦૦
કથાસ્થળ :- 'શ્રી સ્વા. મંદિરની પાછળનું મેદાન'
મું. ભુપગઢ, તા.જી. રાજકોટ
સંપર્ક : નારણભાઈ રાઠોડ - મો. ૯૭૨૬૩૨૬૯૫૦ જીવરાજભાઈ રાઠોડ - મો. ૯૯૭૯૩૯૮૮૮૧


॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥
પ.પૂ. સનાતન ધ.પુ. ૧૦૦૮ શ્રી વિદ્યમાન આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી ધર્મકુળ આશ્રિત શ્રી સ્વામિનારાયણ મંદિર સત્સંગ સમાજ આયોજીત મોટા સમઢીયાળા (રાવળકાંઠાનું)ને આંગણે અતિ ભવ્ય
શ્રી સ્વામિનારાયણ મહોત્સવ
શ્રીમદ્ સત્સંગિજીવન કથા
તથા શ્રીહરિ યાગ
-: વક્તા :-
પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી
વડતાલ (હાલ-સરધાર)
:: પ્રારંભ ::
તા.૧૨-૪-૨૦૧૧
ચૈત્ર સુદ - ૯
:: કથા સમય ::
સવારે ૮.૩૦ થી ૧૧.૩૦
બપોરે ૩.૦૦ થી ૬.૦૦
:: પૂર્ણાહુતિ ::
તા.૧૮-૪-૨૦૧૧
ચૈત્ર સુદ - ૧૫
આયોજક :- ધર્મકુળ આશ્રિત શ્રી સ્વામિનારાયણ મંદિર
સત્સંગ સમાજ - મોટા સમઢીયાળા (જૂનાગઢ પ્રદેશ)
મહોત્સવ સ્થળ :- 'શ્રી સ્વામિનારાયણ ધામ' મુ. મોટા સમઢીયાળા (રાવળકાંઠાનું), તા. ઉના, જી. જૂનાગઢ
સંપર્ક : કાંતિભાઈ સરપંચ - મો. ૯૯૦૪૧૧૫૧૦૩ ભગવાનજીભાઈ - મો. ૯૯૦૪૭૧૨૪૭૧








વડતાલ પ્રદેશના ખેડાસા (જી. આણંદ)ને આંગણે નૂતન શ્રી સ્વા. મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. (તા. ૧૨-૩-૧૧)

રઘુવીરવાડી (વડતાલ)ને આંગણે યોજાયેલ પ.પૂ. નાના લાલજી મહારાજશ્રીના શુભવિવાહ પ્રસંગે 'અભિવાદન સત્કાર સમારોહ'







વડોદરા શહેરને આંગણે ઉજવાયો પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુળ મુગટમણિ શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો '૩૮મો જન્મોત્સવ' (તા. ૧૩-૩-૧૧)

Shree Swaminarayan Chintan, March - 2011 Reg. No. GRJ - 517, Valid upto 31-12-2011, RNI No. GUJGUJ10785/06/1/03 - TC_Posted at Rajkot RMS on 20th each month.




છબીકલા : શ્રીહરિ ડીજીટલ સ્ટુડીયો - સુરત મો. ૯૯૨૫૦૩૦૨૫૦, શ્રીહરિકૃષ્ણ વિડિયો વિઝન - સુરત મો. ૯૪૨૮૬૯૫૫૧૩

Printed and Published by Swami Viraktswrupdasji on behalf of Sardhar and Printed at Shreeji Art, GF-12, Ashirvad Shopping Center, Ashram RD, Paldi - A'MD. and Published from Shree Swaminarayan Temple - Sardhar, Dist-Rajkot - 360025. Editor - Sadhu Patitpavandasji